

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 257
Dt.: 29-05-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa

### બિઝનેસ ટૂર પર ભારતમાં આવ્યો હતો કોંગોનો યુવક

# કોંગોથી આવેલા ઈબોલાના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ, તંત્રને હાશકારો

### આ યુવકને વડોદરાથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો, જે બાદ તેના સંપર્કમાં આવેલા એક ડોક્ટર અને યુવકના બે મિત્રો સહિત કુલ ૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરાયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતભરના લોકો તેમજ આરોગ્ય વિભાગ માટે રાહતના સમાચાર એ છે કે કોંગોથી વડોદરા આવેલા શંકાસ્પદ દર્દીનો ઈબોલાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. રાજ્યના આરોગ્ય મંત્રીએ સોશિયલ મીડિયાના માધ્યમથી જાણકારી આપી છે કે નાગરિકોએ ડરવાની જરૂર નથી, કોંગોથી આવેલા ચેપજન્ય રોગ ઈબોલા વાઈરસના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. સાથે જ તેમને અફવાથી દૂર રહેવા તેમજ આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી સત્તાવાર માહિતી પર ભરોસો કરવાની અપીલ કરી છે. મહત્વનું છે કે ગઈકાલે બુધવારના રોજ ભારત પ્રવાસે આવેલા મૂળ આફ્રિકન દેશના આ યુવકને વડોદરાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો, જે બાદ તેના સંપર્કમાં આવેલા એક ડોક્ટર અને યુવકના બે મિત્રો સહિત કુલ ૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા. પણ રિપોર્ટ નેગેટિવ આવતા ત તંત્ર સહિત ક્વોરન્ટાઈન થયેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

આફ્રિકાના કોંગોમાં રહેતો ૩૭ વર્ષનો યુવક બિઝનેસ ટૂર પર ભારતમાં આવ્યો હતો. મુંબઈમાં રોકાયા પછી સેલવાસ અને દમણ ગયા પછી તે ગઈકાલે વડોદરાની એક કંપનીમાં વિઝિટ માટે આવ્યો હતો. રાત્રે તેને તાવ આવતા કંપનીનો સ્ટાફ તેઓને સારવાર માટે વારસિયા રિંગરોડની હોસ્પિટલમાં લઈ ગયો હતો. ટ્રાવેલિંગ હિસ્ટ્રી જાણ્યા પછી દર્દીને ક્વોરન્ટાઈન કરાયો હતો. હોસ્પિટલના ડોક્ટરે જણાવ્યું હતું કે, અમારી પાસે ઈબોલાની સારવાર માટેની માન્યતા નથી. જેથી, કોર્પોરેશનને જાણ કરવામાં આવતા દર્દીને વધુ સારવાર માટે અમદાવાદ શિફ્ટ કરવામાં આવ્યો હતો.




આફ્રિકન દેશો યુગાન્ડા, દક્ષિણ સુદાન અને કોંગોમાં જીવલેણ ઈબોલા વાઈરસનો પ્રકોપ વધતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું (AMC) આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવી ગયું છે. તકેદારીના ભાગરૂપે પ્રશાસન દ્વારા અમદાવાદમાં તમામ જરૂરી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ આફ્રિકન દેશોમાંથી અમદાવાદ આવેલા ૧૧ જેટલા મુસાફરોને હાલ તેમના ઘરે જ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આ વખતે ઈબોલાનો બુંડીબુગ્યો સ્ટ્રેન ફેલાઈ રહ્યો છે, જે આ વાઈરસનો એક અત્યંત દુર્લભ પ્રકાર છે. આ સ્ટ્રેન માટે હાલમાં કોઈ ખાસ વેક્સિન કે ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી, જેના કારણે રોગને કાબૂમાં લેવો મુશ્કેલ બની રહ્યો છે. WHOના મતે, આ સ્ટ્રેનમાં મૃત્યુદર ૩૦% થી ૫૦% સુધી હોઈ શકે છે. આ વાઈરસ સૌપ્રથમ ૨૦૦૭માં યુગાન્ડાના બુંડીબુગ્યો વિસ્તારમાં જોવા મળ્યો હતો. આ ચેપ મે ૨૦૨૬માં કોંગોના ઈતુરી પ્રાંતમાંથી શરૂ થયો હતો. આ વિસ્તાર લાંબા સમયથી હિંસા અને સંઘર્ષથી પ્રભાવિત છે. અહીં મોટી સંખ્યામાં વિસ્થાપિત લોકો અને સોનાની ખાણોમાં કામ કરતા મજૂરો રહે છે. લોકોની સતત અવરજવરને કારણે વાઈરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે, અને હવે તે નોર્થ કિવુ અને સાઉથ કિવુ પ્રાંત સુધી પહોંચી ગયો છે. સાઉથ કિવુના કેટલાક ભાગો પર બળવાખોર સંગઠનનો કબજો છે.

ભારત સરકારે આ ખતરાને જોતા તકેદારીના ભાગરૂપે કડક ગાઈડલાઈન જાહેર કરી છે. કોંગો અને યુગાન્ડાથી આવતી ફ્લાઈટ્સ પર કોવિડ જેવા જ પ્રોટોકોલ લાગુ કરાયા છે. એરપોર્ટ પર થર્મલ સ્ક્રિનિંગ અને શંકાસ્પદ મુસાફરોને પ્લેનમાં અલગ બેસાડવાના નિયમો લાગુ કરાયા છે. સાથેજ વેલ એડવાઈઝરી જાહેર કરીને સરકારે નાગરિકોને આગામી સૂચના સુધી ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાનની યાત્રા ન કરવા સલાહ આપી છે.

ઈબોલા વાઈરસ સૌપ્રથમ ૧૯૭૬માં આફ્રિકામાં જોવા મળ્યો હતો. વાઈરસ સંક્રમિત વ્યક્તિના લોહી, શારીરિક પ્રવાહી , કપડાં, પથારી અને તબીબી ઉપકરણોના સંપર્કમાં આવવાથી ફેલાય છે. આ ઉપરાંત ચામાચીડિયા, ચિમ્પાન્ઝી, ગોરિલા અને વાંદરા જેવા સંક્રમિત પ્રાણીઓના સંપર્કથી પણ મનુષ્યોમાં ફેલાય છે.

શરૂઆતમાં તાવ, નબળાઈ અને શરીરનો દુખાવો જેવા લક્ષણો દેખાય છે. સ્થિતિ ગંભીર થવા પર ઉલ્ટી, ડાયરિયા અને શરીરમાંથી લોહી વહેવા જેવી ગંભીર સમસ્યાઓ થાય છે. તબીબોના મતે, આ વાઈરસના શરૂઆતી લક્ષણો મેલેરિયા જેવા સામાન્ય રોગોને મળતા આવતા હોવાથી તેની તાત્કાલિક ઓળખ કરવી મુશ્કેલ બને છે, જેના કારણે સંક્રમણ ઝડપથી ફેલાય છે.

### પાંચ પ્રોટોટાઈપ તૈયાર કરવા એચએએલ સહિત ત્રણ કંપનીઓ શોર્ટ લિસ્ટ કરાઈ

## રૂ.૧૫,૦૦૦ કરોડના ખર્ચે કોમ્બેટ ફાઈટરના ઉત્પાદનની તૈયારી શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશને સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની દિશામાં સરકારે વધુ એક મહત્વનો નિર્ણય લીધો છે. સંરક્ષણ મંત્રાલયે આશરે રૂ.૧૫,૦૦૦ કરોડના ખર્ચે, એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (એએમસીએ)ના પાંચ પ્રોટોટાઈપના ડેવલપમેન્ટ અને ઉત્પાદન માટે ત્રણ બિડર્સની રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ શોર્ટ લિસ્ટ કરી દેશમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) ઉપરાંત વધુ એક ફાઈટર જેટ ઉત્પાદન સુવિધા શરૂ કરવાનો માર્ગ મોકળો કર્યો છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા અંતિમ પસંદગીમાં સ્થાન પામેલાં ત્રણ બિડર્સમાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (ટીએએસએલ), લાર્સન એન્ડ ટુબ્રો અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (બીઈએલ) તથા ભારત ફોર્જ અને ભારત અર્થ મૂવર્સ લિમિટેડ (બીઈએમએલ)નો સમાવેશ થાય છએ. અમેરિકન જીઈ-૪૧૪ એન્જિનથી સજ્જ એએમસીએનું ઉત્પાદન ડીઆરડીઓની એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી (એડીએ)ની ડીઝાઈન અને નિપુણતા હેઠળ તૈયાર કરાશે. એએમસીનું પ્રથમ પ્રોટોટાઈપ ૨૦૨૭ના પ્રારંભમાં તૈયાર થાય તેવી શક્યતા છે, જ્યારે પાંચમી જનરેશનના મલ્ટિ-રોલ ફાઈટરની પ્રથમ ફ્લાઈટ ૨૦૨૮-૨૦૨૯ની વચ્ચે ઉડાન ભરશે. જ્યારે તેનું ઉત્પાદન ૨૦૩૦ના મધ્યમાં થશે, જેમાં નવા વર્ઝનના ફાઈટર જેટ ભારતમાં ઉત્પાદિત ૧૨૦ કિ.મી. ળેન્ચ સરફાન એન્જિનથી સજ્જ હશે. સુરક્ષા અંગેની કેબિનેટ કમિટી દ્વારા પાંચ પ્રોટોટાઈપના ડેવલપમેન્ટને મંજૂરી આપ્યાં બાદ ચાલુ મહિને આંધ્રપ્રદેશના પુટ્ટાપાર્થી ખાતે રૂ.૧૫,૮૦૩ કરોડના ખર્ચે ઈન્ટિગ્રેશન એન્ડ ફ્લાઈટ ટેસ્ટિંગ કોમ્પ્લેક્સના નિર્માણ માટે ખાતમૂહર્ત કરાયું હતું. સુપર ક્રૂઝ, ઈન્ટર વેપન્સ બે તથા એડવાન્સ્ડ એઆઈથી સજ્જ એએમસીએ ટૂંક સમયમાં યુએસના એફ-૩૫, ચીનના જે-૨૦ તથા રશિયાન સુખોઈ-૫૭ સાથે સ્પર્ધા કરશે.

### અમેરિકાનો માસ્ટર પ્લાન તૈયાર

## મિડલ ઈસ્ટ બાદ કેરેબિયન સાગરમાં યુદ્ધના એંધાણ!

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર પેન્ટાગોને ક્યુબા પર સંભવિત લશ્કરી હુમલો કરવા માટેની તમામ સૈન્ય તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. ક્યુબાની કમ્યુનિસ્ટ સરકારને પછાડવા માટેના તમામ આર્થિક અને રાજકીય દબાણો નિષ્ફળ ગયા બાદ, હવે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે આ ટાપુ દેશ પર આક્રમણ કરવાની દિશામાં વિચારણા શરૂ કરી છે. આ માટે અમેરિકન નેવીએ મિડલ ઈસ્ટ બહાર સમગ્ર વિશ્વમાં પોતાનું સૌથી મોટું સૈન્ય પ્રદર્શન ક્યુબાની આસપાસ ગોઠવી દીધું છે. જેથી આદેશ મળતાં જ તાત્કાલિક કાર્યવાહી કરી શકાય.

પોલિટિકોના રિપોર્ટ અનુસાર, અમેરિકા અહીં વેનેઝુએલાના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ જેવું જ ઓપરેશન હાથ ધરીને હવાનાની ટોચની નેતાગીરીની ધરપકડ(કબ્જો) કરી શકે છે અથવા શ્રેણીબદ્ધ ચોક્કસ ગાઈડેડ મિસાઈલ હુમલા કરી શકે છે. જો આમ થશે, તો ટ્રમ્પ પ્રશાસનનો આ ત્રીજો મોટો આંતરરાષ્ટ્રીય સૈન્ય સંઘર્ષ હશે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કેબિનેટ બેઠકમાં સ્પષ્ટ કહ્યું હતું કે, "ક્યુબા અત્યારે ભારે મુશ્કેલીમાં છે. આપણા દરિયાકાંઠાથી માત્ર ૯૦ માઈલ દૂર એક નિષ્ફળ ગયેલું રાજ્ય હોવું એ યુનાઈટેડ સ્ટેટ્સની રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો છે." અમેરિકાએ ક્યુબાને ચારેય તરફથી ઘેરવા માટે કેરેબિયન સમુદ્રમાં ઘાતક સૈન્ય જમાવડો એકત્ર કર્યો છે. અમેરિકાનું વિશાળ ગાઈડેડ મિસાઈલ અને ફાઈટર પ્લેન્સથી સજ્જ 'USS નિમિત્ઝ' એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રૂપ મે મહિનામાં કેરેબિયન સમુદ્રમાં પ્રવેશી ચૂક્યું છે. અમેરિકાના અત્યાધુનિક ડ્રોન અને જાસૂસી વિમાનો મહિનાઓથી ક્યુબાની સરહદ પર ચક્કર લગાવી રહ્યા છે. ૨૫૦૦ મરીન સૈનિકોને લઈને જતું USS કિયરસાર્જ પણ વર્જિનિયાના દરિયાકાંઠે તૈનાત છે. સંરક્ષણ વિશ્લેષકોના મતે, અમેરિકાના એરસ્ટ્રાઈકનો પ્રથમ ટાર્ગેટ ક્યુબાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ રાઉલ કાસ્ટ્રો હોઈ શકે છે, જેમના પર અમેરિકાએ તાજેતરમાં જ કેસ દાખલ કર્યો છે.

## બિહારમાં મોટી હોનારતઃ ગંગા નદીમાં ૧૪ લોકો ભરેલી બોટ ડૂબી, ૨ના મોત અને ૫ ગુમ

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારના બાઢ જિલ્લાના પ્રસિદ્ધ ઉમાનાથ ગંગા ઘાટ પર આજે વહેલી સવારે એક મોટી અને દર્દનાક હોડી દુર્ઘટના સર્જાઈ છે. ઉમાનાથ ઘાટથી દિયારા વિસ્તાર તરફ જઈ રહેલી એક હોડી અચાનક ગંગા નદીમાં ડૂબી ગઈ હતી. આ હોડી પર કુલ ૧૪ લોકો સવાર હતા, જેમાંથી અત્યાર સુધીમાં ૭ લોકોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા છે, જ્યારે ૨ લોકોના મોત થયા છે અને તેમના મૃતદેહ પણ મળી આવ્યા છે.

બાકીના ૫ લાપતા લોકોની શોધખોળ માટે નદીમાં યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. મળતી માહિતી મુજબ, આજે વહેલી સવારે લોકો ખેતીકામ કે અન્ય કામ અર્થે ઉમાનાથ ગંગા ઘાટ પરથી હોડીમાં સવાર થઈને દિયારા વિસ્તાર તરફ જવા નીકળ્યા હતા. હોડી હજુ નદીની વચ્ચે પહોંચી જ હતી કે અચાનક સંતુલન બગડવાના કારણે તે પલટી ગઈ.

જોતજોતામાં હોડી પર સવાર તમામ ૧૪ લોકો ગંગા નદીના પાણીમાં ડૂબવા લાગ્યા અને ઘાટ પર બુમરાણ મચી ગઈ હતી. નદી કિનારે હાજર કેટલાક લોકોએ તાત્કાલિક પાણીમાં કૂદીને ૭ લોકોને તરત જ બહાર કાઢી લીધા, જેના કારણે તેમનો જીવ બચી ગયો હતો. આ ઘટનાની ગંભીરતાને જોતાં સ્થાનિક વહીવટીતંત્ર તાત્કાલિક એક્શનમાં આવ્યું છે.

## ખામીઓને સુધારી લેવામાં આવશે અને તેનો યોગ્ય ઉકેલ શોધવામાં આવશેઃ CBSE OSM વિવાદમાં શિક્ષણ મંત્રીએ મૌન તોડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

CBSEના ઓન-સ્ક્રીન માર્કિંગ(OSM) સિસ્ટમને લઈને દેશભરમાં મચેલા હોબાળા વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આખરે આ મામલે મોટું નિવેદન આપ્યું છે. શિક્ષણ મંત્રીએ આ વિવાદ અને વિદ્યાર્થીઓને પડેલી હાલાકીની નૈતિક જવાબદારી સ્વીકારતા ખાતરી આપી છે કે, જો મૂલ્યાંકન પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ સામે આવશે તો કોઈપણ દોષિતને છોડવામાં આવશે નહીં. દિલ્હીમાં CBSEના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું કે, હું આ સમગ્ર બાબતની જવાબદારી લઉં છું. આ ખામીઓને સુધારી લેવામાં આવશે અને તેનો યોગ્ય ઉકેલ શોધવામાં આવશે. અમે બધા અત્યારે આ જ કામ પર લાગેલા છીએ.

છેલ્લા કેટલાક દિવસોથી હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓ સોશિયલ મીડિયાથી લઈને બોર્ડ સમક્ષ સતત ફરિયાદો કરી રહ્યા છે. વિદ્યાર્થીઓનો આરોપ છે કે, ઉત્તરવહીઓની જે સ્કેન કોપી ઓનલાઈન મળી રહી છે તે અત્યંત ધૂંધળી અથવા અધૂરી છે. કેટલાક પ્રશ્નોના જવાબો તપાસ્યા વગરના જ છોડી દેવામાં આવ્યા છે અથવા માર્કિંગમાં મોટી ભૂલો થઈ છે. રી-ઈવેલ્યુએશન માટેની ઓનલાઈન પ્રોસેસ દરમિયાન પોર્ટલ ક્રેશ થવું, પેમેન્ટ ફેલ થવું અને મૂંઝવણભરી સ્થિતિ સર્જાવા જેવી ટેકનિકલ ખામીઓ સામે આવી છે.

શિક્ષણ મંત્રીએ વિદ્યાર્થીઓના માનસિક તણાવને સ્વીકારવાની સાથે સાથે બોર્ડના આ ડિજિટલ મોડલનો બચાવ પણ કર્યો હતો. તેમણે આંકડા આપતાં કહ્યું કે, પરીક્ષા આપનારા ૧૭ લાખ વિદ્યાર્થીઓની અંદાજે ૯૮ લાખ ઉત્તરવહીઓ સુરક્ષિત રાખવામાં આવી છે. દરેક આન્સર બુકમાં આશરે ૪૦ પાના હોય છે, જે હિસાબે લગભગ ૪૦ કરોડ પેજ સ્કેન કરવામાં આવ્યા છે. તેમણે 'જીર સિસ્ટમને એક પ્રગતિશીલ અને પારદર્શક માધ્યમ ગણાવ્યું હતું, જે વૈશ્વિક સ્તરે પણ સ્વીકારાયેલું છે.

CBSEનો આ મુદ્દો હવે એક મોટો રાજકીય વિવાદ બની ચૂક્યો છે. લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ આ મામલે સરકારની ઉત્તરદાયિત્વ પર સવાલ ઉઠાવ્યા હતા. તેના જવાબમાં ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે આ પ્રક્રિયા સરકારી ખરીદીના તમામ નિયમોનું પાલન કરીને જ કરવામાં આવી છે. તેમણે રાહુલ ગાંધી પર કટાક્ષ કરતાં જણાવ્યું કે તેઓ હંમેશા ડિજિટલ ઈન્ડિયા અને વૈજ્ઞાનિક પ્રગતિ સાથે જોડાયેલી વ્યવસ્થાઓનો વિરોધ કરે છે. પ્રધાને તમામ રાજકીય પક્ષોને અપીલ કરતાં કહ્યું કે, રાજનીતિ પછી પણ થઈ શકે છે. અત્યારે સૌથી મહત્ત્વની બાબત એ છે કે પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓનો માનસિક તણાવ વધુ ન વધવો જોઈએ. નેતાઓએ એવા નિવેદનો આપવાથી બચવું જોઈએ જેનાથી માર્ક્સ વેરિફિકેશન અને રી-ઈવેલ્યુએશનની ચિંતામાં ડૂબેલા વિદ્યાર્થીઓનો ગભરાટ વધે. તંત્ર દ્વારા ડેમેજ કંટ્રોલના પ્રયાસોના ભાગરૂપે, CBSE એ સ્કેન આન્સર શીટ મેળવવા માટે અરજી કરવાની છેલ્લી તારીખ લંબાવી દીધી છે અને જાહેર કર્યું છે કે વિષયના નિષ્ણાતો દ્વારા તમામ સાચી ફરિયાદોની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવશે.









# તંત્રી લેખ......

## એસઆઈઆરની મંજૂરી

અંતે, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચની મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારણા ની પ્રક્રિયાને માન્ય ગણાવી જ નહીં, પરંતુ સ્પષ્ટતા પણ કરી કે તે મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે જરૂરી છે. સુપ્રીમ કોર્ટનો આ આદેશ વિપક્ષી નેતાઓ માટે મોટો ફટકો છે જેઓ પ્રચાર ફેલાવી રહ્યા હતા કે ચૂંટણી પંચ ભાજપના ઈશારે SIR ના નામે મનસ્વી કાર્યવાહી કરી રહ્યું છે. આ આદેશથી સ્પષ્ટ થયું કે જૂઠાણાનો કોઈ આધાર નથી, અને પ્રચાર દ્વારા કાયદેસર પ્રક્રિયાઓને અવરોધી શકાતી નથી. સુપ્રીમ કોર્ટના નિર્ણય સાથે અસંમત લોકો નિરાશા વ્યક્ત કરી રહ્યા છે તે આશ્ચર્યજનક નથી.

આ તેમની હતાશા સિવાય બીજું કંઈ નથી, કારણ કે નિષ્પક્ષ ચૂંટણી માટે પૂર્વશરત એ છે કે ફક્ત કાયદેસર મતદારો જ મતદાન કરે. ચૂંટણી પંચ પાસે કોઈ વ્યક્તિ કાયદેસર મતદાર છે કે નહીં તે નક્કી કરવા માટે જરૂરી તપાસ કરવાનો અધિકાર છે. એ વિચિત્ર છે કે કેટલાક વિપક્ષી પક્ષો, ચૂંટણી પંચની આ જ સત્તાને પડકારવા માટે, બનાવટી આરોપો લગાવી રહ્યા છે કે કમિશન તેમના સમર્થકોને તેમના મતથી વંચિત રાખવા માટે જૈંઈ નો ઉપયોગ કરી રહ્યું છે. આવા આરોપો કરનારાઓએ ક્યારેય એ સમજાવવાની તસ્દી લીધી નથી કે તેઓ કેવી રીતે જાણતા હતા કે જે લોકોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે તે ખરેખર તેમના મતદારો છે.

બિહારમાં એસઆઈઆર દરમિયાન, જ્યારે આશરે ૬.૫ મિલિયન નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હતા કારણ કે તેઓ અન્યત્ર સ્થાયી થયા હતા, મૃત્યુ પામ્યા હતા અથવા બે જગ્યાએ નોંધાયેલા હતા, ત્યારે એવો હોબાળો મચી ગયો હતો કે કાયદેસર મતદારોને મતદાનનો અધિકાર નકારી કાઢવામાં આવી રહ્યો છે, પરંતુ આ અસ્વીકારની બૂમો આવા ૬૫ લોકોને પણ એકત્રિત કરવામાં નિષ્ફળ ગઈ. બિહાર વિધાનસભા ચૂંટણીમાં એસઆઈઆર મુદ્દો બનવામાં નિષ્ફળ ગયા પછી, વિરોધ પક્ષો, ખાસ કરીને કોંગ્રેસ પક્ષ, જે મત ચોરીનો નારા લગાવી રહ્યો હતો, તેને સમજવું જોઈતું હતું કે તેઓ હારેલી લડાઈ લડી રહ્યા છે. પરંતુ ન તો તેમણે કે ન તો અન્ય વિરોધ પક્ષોએ દિવાલ પરનું લખાણ વાંચ્યું.

વિરોધ પક્ષોએ એ હકીકતનો સખત વિરોધ કર્યો કે એસઆઈઆરનો ઉપયોગ લોકોની નાગરિકતા ચકાસવા માટે થઈ રહ્યો છે, જે હકીકત ચૂંટણી પંચને કરવાનો કોઈ અધિકાર નથી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચ કોઈનું નામ મતદાર યાદીમાં સામેલ કરતા પહેલા તેની નાગરિકતા ચકાસી શકે છે. છેવટે, આ તે છે જે નક્કી કરે છે કે કોઈ વ્યક્તિ ભારતનો કાયદેસર નાગરિક છે કે નહીં. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે ચૂંટણી પંચની નાગરિકતા તપાસને અંતિમ નિર્ણય ગણવામાં આવશે નહીં, તેથી કેન્દ્ર સરકાર માટે લોકોની નાગરિકતા ચકાસવા માટે રાષ્ટ્રીય નાગરિક નોંધણી એટલે કે NRC તૈયાર કરવા તરફ આગળ વધવું જરૂરી બની જાય છે.

## સિવિલ હોસ્પિટલમાં ગુપ્ત અંગદાનથી ૩ દર્દીઓને મળ્યું નવું જીવન

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઉત્તર ગુજરાતની ૩૧ વર્ષીય બ્રેઇનડેડ મહિલાના પરિવારે ગુપ્ત અંગદાન કરીને એક લીવર અને બે કિડનીનું દાન કર્યું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલનો કુલ અંગ-પેશી દાનનો આંકડો ૧૦૩૫ને પાર પહોંચ્યો છે.

"કહેવાય છે કે 'ગુપ્તદાન' એ સૌથી મોટું દાન છે, અને જ્યારે આ દાન કોઈની જિંદગી બચાવવા માટે થાય ત્યારે તે ઈશ્વરીય કાર્ય બની જાય છે."

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવો જ એક હૃદયસ્પર્શી કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ઉત્તર ગુજરાતના એક પરિવારે પોતાની વ્હાલસોયી દીકરીના મૃત્યુના અત્યંત દુઃખદ સમયે પણ 'ગુપ્તદાન' સ્વરૂપે અંગદાન કરવાનો સાહસિક અને માનવતાવાદી નિર્ણય લીધો છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ માહિતી આપતા જણાવ્યું કે, આ ઉમદા નિર્ણયના પગલે હોસ્પિટલમાં કુલ અંગદાનનો આંકડો ૨૪૧ પર પહોંચી ગયો છે, જ્યારે કુલ અંગ-પેશી દાનનો ઐતિહાસિક આંકડો ૧૦૩૫ને પાર થઈ ગયો છે.

ઉત્તર ગુજરાતના રહેવાસી એક ૩૧ વર્ષીય મહિલા સિવિલ હોસ્પિટલના ICUમાં સારવાર હેઠળ હતાં. તબીબોના અથાગ પ્રયત્નો છતાં ગત તા. ૨૭ મે ૨૦૨૬ના રોજ તેમને 'બ્રેઈનડેડ' જાહેર કરવામાં આવ્યા હતાં. યુવાન વયે સ્વજન ગુમાવવાનું આઘાતજનક દુઃખ હોવા છતાં, અમદાવાદ સિવિલ હોસ્પિટલની કાઉન્સિલિંગ ટીમના ડૉ. જીનેન પંડ્યા અને ડૉ. ભાવેશ પ્રજાપતિની સમજાવટથી પરિવારે મોટું દિલ રાખ્યું હતું અને પોતાની ઓળખ છૂપી રાખવાની શરતે, ગુપ્તદાન સ્વરૂપે અંગદાનની મંજૂરી આપી હતી.

આ અંગદાન દ્વારા બ્રેઈનડેડ મહિલાના શરીરમાંથી એક લીવર અને બે કિડની મળી કુલ ૩ મહત્વપૂર્ણ અંગો મેળવવામાં આવ્યા છે. આ ત્રણેય અંગોને અમદાવાદ સિવિલ મેડિસિટી કેમ્પસ સ્થિત કિડની હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા છે, જ્યાં લાંબા સમયથી પ્રત્યારોપણની રાહ જોતા ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓમાં તેનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.

ડૉ. રાકેશ જોષીના જણાવ્યા અનુસાર, અમદાવાદ સિવિલ હોસ્પિટલ આજે પશ્ચિમ ભારતનું અંગદાનનું એક મોટું કેન્દ્ર બની ચૂક્યું છે. અત્યાર સુધીમાં કુલ ૨૪૧ અંગદાતાઓ થકી ૭૯૭ અંગો તેમજ કુલ ૨૩૮ પેશીઓ મેળવવામાં સફળતા મળી છે. જેમાં ૪૪૫ કિડની, ૨૧૫ લીવર, ૭૬ હૃદય, ૩૪ ફેફસાં, ૧૯ સ્વાદુપિંડ, ૦૬ હાથ, ૦૨ નાનાં આંતરડાં, ૧૯૪ ચક્ષુ તેમજ ૪૪ ચામડીનો સમાવેશ થાય છે.

### અમદાવાદ મંડળ પર વ્યાપક પર્યાવરણ જાગૃતિ અભિયાન

# અમદાવાદ મંડળનું મહા-અભિયાન: 'વિશ્વ પર્યાવરણ દિવસ' પર હરિત અને ટકાઉ રેલવે તરફ પગલું



ભારતીય રેલવે દ્વારા "વિશ્વ પર્યાવરણ દિવસ" ના ઉપક્રમે ૧૫ મે ૨૦૨૬ થી ૫ જૂન ૨૦૨૬ સુધી દેશવ્યાપી વ્યાપક પર્યાવરણ જાગૃતિ અભિયાન ચલાવવમાં આવી રહ્યું છે. આ જ ક્રમમાં, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને ટકાઉ જીવનશૈલી (Sustainable Lifestyle) ને પ્રોત્સાહન આપવા માટે વિવિધ રેલવે સ્ટેશનો, રેલવે કોલોનીઓ તથા રેલવે સ્વાસ્થ્ય એકમોમાં કેટલાક ઉચ્ચ સ્તરના કાર્યક્રમ અને જનજાગૃતિ પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી રહી છે.

આ ત્રણ અઠવાડિયા લાંબા અભિયાનનું મંડળ દ્વારા જુદા-જુદા તબક્કાઓમાં વિભાજિત કરીને અત્યંત યોજનાબદ્ધ અને અસરકારક ઢબે અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જેનું વિગતવાર વર્ણન નીચે જણાવ્યા પ્રમાણે છે :

હરિત રેલવે સંચાલન અને "એક પેડ માં કે નામ"

હાલમાં ચાલી રહેલા આ તબક્કામાં પર્યાવરણને નવું જીવન આપવા માટે હરિત આવરણ (Green Cover) વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે :

● બહોળું વૃક્ષારોપણ : માનનીય વડાપ્રધાનજી ની હાકલ પર મંડળ ભરમાં "એક પેડ માં કે નામ" અભિયાન હેઠળ મોટા પાયે સઘન વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવી રહ્યા છે. રેલવે કોલોનીઓ, સ્ટેશનોના આસપાસના વિસ્તાર અને ખાલી ભૂખંડોને હર્યાભર્યા બનાવવા અને પાર્કોના સુંદરીકરણ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

● ટકાઉ જીવશૈલી પ્રવૃત્તિઓ : ઈ-વેસ્ટ (E-Waste) વ્યવસ્થાપન, કચરાના રિસાઈકલિંગ (Recycling) તથા પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી હેઠળ શારીરિક સક્ષ્રતા અને આઉટડોર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

● OSOP નો સહયોગ : 'વન સ્ટેશન વન પ્રોડક્ટ' (OSOP) યોજના હેઠળ સ્થાનિક કારીગરો દ્વારા બનાવવામાં આવી રહેલા કપડાં અને શણના થેલાના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે જેથી પ્લાસ્ટિક બેગનો વિકલ્પ મળી શકે.

● હરિફાઈઓ અને નિરીક્ષણ : રેલવે કર્મચારીઓના બાળકો અને યાત્રીઓ માટે પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન વિષય પર ચિત્રકળા, નિબંધ લેખન અને પ્રશ્નોત્તરી (Quiz) હરિફાઈઓ આયોજિત કરવામાં આવી રહી છે. આની સાથે જ, સ્ટેશનો પર ટ્રેનો પર બાયો-ટોઈલેટ અને કચરાના નિકાલની પદ્ધતિઓનું અધિકારીઓ દ્વારા નિયમિત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

અભિયાનનો શુભારંભ અને ડિજિટલ જાગૃતિ

અભિયાનના પ્રથમ તબક્કામાં સંપૂર્ણ અમદાવાદ મંડળમાં વ્યવહારિક ઉદઘાટન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આ હેઠળ ડિજિટલ ઈન્ડિયા અને પેપરલેસ સિસ્ટમને પ્રોત્સાહન આપતાં મોટા પાયે કામ કરવામાં આવ્યું. :

● ડિજિટલ આઉટરીચ : સોશિયલ મીડિયા પ્લેટફોર્મો પર #MissionLiFE અને WED 2026 થી હેઠળ સઘન અભિયાન ચલાવવામાં આવ્યું.

● યાત્રી સંવેદીકરણ : રેલવે સ્ટેશનો અને કાર્યાલય સંકુલોમાં જળવાયુ પરિવર્તન, "સિંગલ યૂઝ પ્લાસ્ટિકને ના કહો" તથા પર્યાવરણ અનુકૂલ જીવનશૈલીથી જોડાયેલા આકર્ષક પોસ્ટરો, બેનર અને ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ પ્રદર્શિત કરવામાં આવ્યા.

● પેપરલેસ યાત્રાને પ્રોત્સાહન : યાત્રીઓને RailOne અને અન્ય ઑનલાઈન એપ મારફતે ડિજિટલ ટિકિટીંગ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા જેથી કાગળની બચત કરી શકાય.

● કાર્યશાળાઓ અને ક્ષમત નિર્માણ : રેલવે કર્મચારીઓ માટે જળવાયુ પરિવર્તન, કચરો વ્યવસ્થાપન (Waste Management) અને પર્યાવરણ-અનુકૂળ જીવનશૈલી પર વિશેષ કાર્યશાળાઓ આયોજિત કરવામાં આવી. સાથે જ યાત્રીઓને "પોતાની પાણીની બોટલ સાથે રાખો" સંદેશ હેઠળ પુનઃઉપયોગ લાયક બોટલો અને કન્ટેનરોનો ઉપયોગ કરવાના સંકલ્પ લેવડાવવામાં આવ્યા.

સ્વચ્છતા, કચરો વ્યવસ્થાપન અને ઊર્જા સંરક્ષણના કઠોર પગલાં

આ તબક્કા દરમિયાન કચરાના યોગ્ય નિકાલ અને ઊર્જાની ભારે બચત માટે ઉદાહરણરૂપ પગલાં લેવામાં આવ્યા :

● કચરો પૃથક્કરણ (Waste Segregation): પ્લેટફોર્મો પર ભીનો અને સૂકો કચરો જુદો તારવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું. સ્થાનિક સમુદાયો અને સ્વયંસેવી સંસ્થાઓ (NGOs) ના સંકલનથી સ્ટેશનોની આસપાસ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યા.

● ઈકો-ફ્રેન્ડલી કેટરિંગ : IRCTC ના સહયોગથી વેન્ડિંગ સ્ટૉલો અને ટ્રેનોમાં બાયોડિગ્રેડેબલ (Biode-gradable) અને પ્લાસ્ટિક-મુક્ત કટલરીના ઉપયોગને મૂળભૂત રીતે પ્રોત્સાહન આપવામાં આવ્યું.

● ઊર્જા સંરક્ષણનું ઉદાહરણ (Energy Conservation): મંડળ રેલવે મેનેજર (DRM), અમદાવાદના કુશળ દિશા-નિર્દેશ મુજબ ઊર્જા સંરક્ષણ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાને દર્શાવતાં ૧૯ મે ૨૦૨૬ ના રોજ મંડળ કાર્યાલય અમદાવાદમાં તમામ એર કન્ડીશનર (AC) અને લાઈટો એક કલાક માટે બંધ રાખવામાં આવી. આ જ રીતે, ૨૦ મે ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકેથી બપોરે ૧૨:૦૦ કલાક સુધી મંડળની તમામ રેલવે કોલોનીઓમાં લાઈટો બંધ રાખીને સમાજને વીજળી બચાવવાનો મોટો સંદેશ આપવામાં આવ્યો.

પ્લાસ્ટિક નાબૂદી, રિસાયકલિંગ અને શેરી નાટક

પ્લાસ્ટિક પ્રદૂષણને મૂળથી ખલાસ કરવા માટે અમદાવાદ મંડળ દ્વારા મૂળભૂત રીતે કઠોર પ્રયત્નો કરવામાં આવ્યા :

● કડક દેખરેખ : સ્ટેશનો પર રખાયેલ પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીનો (PBCM) ના સુવ્યવસ્થિત સંચાલનની સમીક્ષા કરવામાં આવી. સ્ટેશન વેન્ડર સ્ટૉલો પર સિંગલ યૂઝ પ્લાસ્ટિક (SUP) ના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ સુનિશ્ચિત કરવા માટે ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા દેખરેખ રાખવામાં આવી.

● માઈક્રોપ્લાસ્ટિક નિયંત્રણ : વિક્રેતાઓ અને પેન્ટ્રી કર્મચારીઓને દૂધ, છાશ અને અન્ય ખાદ્ય પદાર્થોની પેકેજિંગ બેગને પૂર્ણરૂપે જુદી ન કાપતાં, આંશિકરૂપે કાપવા (Partial Cutting) માટે શિક્ષિત કરવામાં આવ્યા, જેથી કચરાના નાના ટૂકડા પર્યાવરણમાં ભળીને માઈક્રોપ્લાસ્ટિક પ્રદૂષણ ન ફેલાવે.

● સાંસ્કૃતિક માધ્યમથી ધૂણી : યાત્રીઓને જાગૃત કરવા માટે અસારવા સ્ટેશન અને ઈએલએફ (ELF) વટવામાં સ્થાનિક કલાકારો દ્વારા પર્યાવરણ કેન્દ્રિત શેરી નાટકોનું મંચન કરવામાં આવ્યું, જેમાં યાત્રીઓથી ખૂબ પ્રશંસા મળી. સાથે જળ પુનઃસંગ્રહણ (Water Recharging) કેન્દ્રોનું સઘન નિરીક્ષણ પણ કરવામાં આવ્યું.

"ભારતીય રેલવે દ્વારા ચલાવવામાં આવી રહેલું આ ૨૧ દિવસનું અભિયાન ફક્ત સરકારી કાર્યક્રમ જ નથી, પરંતુ આ પર્યાવરણ સંરક્ષણ, ઊર્જાની બચત અને ટકાઉ વિકાસ પ્રત્યે સામાન્ય જનતાને જોડવાનું એક પવિત્ર જન-આંદોલન પણ છે. અમદાવાદ મંડળ ભવિષ્યમાં પણ પર્યાવરણને અનુકૂળ, કાર્બન-ન્યૂટ્રલ અને હરિત રેલવે સંચાલન માટે પ્રૂર્ણરૂપે પ્રતિજ્ઞાબદ્ધ છે." ભારતીય રેલવે દ્વારા આ અભિયાન પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા, ઊર્જા સંરક્ષણ અને ટકાઉ વિકાસ પ્રત્યે સામાન્ય જનતામાં જાગૃતિ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે.

# અમદાવાદ મંડળ પર મંડળ રેલવે ઉપભોક્તા સલાહકાર સમિતિની પાંચમી બેઠકનું આયોજન

પશ્ચિમ રેલેવના અદમવાદ મંડળમાં તારીખ ૨૮.૦૫.૨૦૨૬ ના રોજ મંડળ રેલવે ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC) ની પાંચમી બેઠક મંડળ રેલવે મેનેજર કાર્યાલય, અમદાવાદમાં આયોજિત કરવામાં આવી. બેઠકના આરંભમાં મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ તમામ સભ્યોનું સ્વાગત અને અભિવાદન કરતાં તેમના-પોતાના ક્ષેત્રોથી સંબંધિત સૂચનો આમંત્રિત કર્યા. પોતાના સંભાષણમાં મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે નલિયા-વાયોર વચ્ચે માલગાડી પરિવહન સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી આરંભ કરવાની યોજના છે. તેમણે માહિતી આપી કે ભારતીય રેલવેનું સૌથી મોટું ૯૮ લાઈનો વાળું કોચિંગ હબ વટવામાં વિકસિત કરવામાં આવશે તથા વંદે ભારત મેઈન્ટેનન્સ ડિપોનું કામ પણ ઝડપી ગતિથી પ્રગતિ પર છે. આની સાથે જ સરખેજ-ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલવે પરિયોજના વિશે વિગતવાર માહિતી શેર કરવામાં આવી. સમિતિના સચિવ અને સિનિયર મંડળ કોમર્શિયલ મેનેજર શ્રી અજ્ઞૂ ત્યાગીએ ઉપપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કરતાં અમદાવાદ મંડળમાં ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ અને વિકાસાત્મક પરિયોજનાઓની માહિતી આપી. તેમણે પ્રેઝન્ટેશન મારફતે મંડળની મુખ્ય સિદ્ધિઓ અને વિકાસ કામો પર પ્રકાશ નાંખ્યો. શ્રી ત્યાગીએ જણાવ્યું કે અમદાવાદ, સાબરમતી અને ભુજ સ્ટેશનોનું મેજર રિડેવલપમેન્ટ કામ પ્રગતિ પર છે, જેમાં સાબરમતી અને ભુજ સ્ટેશનોનું કામ અપગ્રેડ તબક્કામાં પહોંચી ગયું છે. આ ઉપરાંત મંડળના અન્ય મુખ્ય સ્ટેશનોનો પુનઃવિકાસ "અમૃત ભારત સ્ટેશન યોજના" હેઠળ કરવામાં આવી રહ્યો છે.




અમદાવાદ મંડળની મહત્વપૂર્ણ સિદ્ધિઓ અને વિકાસ કામ

અમદાવાદ પશ્ચિમ રેલવેનું ટોચનું પ્રદર્શન કરનારૂં મંડળ છે.

મંડળ દ્વારા ૪૧૨ જોડી મેલ/એક્સપ્રેસ અને યાત્રી ટ્રેનોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે, જેમાં ૧૧૮ મૂળ ટ્રેનો સામેલ છે.

નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૬ માં દરરોજ લગભગ ૧.૧ લાખ યાત્રીઓએ અમદાવાદ મંડળથી યાત્રા પ્રારંભ કરી.

મંડળે પશ્ચિમ રેલવેની કુલ યાત્રી આવકમાં ૨૧% તથા માલ લોડિંગમાં ૪૯% નું યોગદાન આપ્યું.

ભારતીય રેલવેમાં અમદાવાદ મંડળ માલ લોડિંગમાં ૮માં તથા માલ આવકમાં ૭મા સ્થાન પર રહ્યું.

મંડળ દ્વારા મુન્દ્રા પોર્ટ, દીનદયાળ પોર્ટ (કંડલા) અને ટૂના પોર્ટ જેવા મહત્વપૂર્ણ બંદરોને રેલવે કનેક્ટિવિટી આપવામાં આવી રહી છે.

મંડળમાં ૧૪૩ યાત્રી સ્ટેશન, ૩૩ રેલવે ફ્રેઈનટ ટર્મિનલ અને ૭ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ કાર્યરત છે.

સ્ટેશન પુનઃવિકાસ અને અમૃત ભારત સ્ટેશન યોજના

અમદાવાદ સ્ટેશનનું રૂ.૨૩૭૯ કરોડના ખર્ચે વિશ્વસ્તરનું પુનઃવિકાસ કામ ઝડપથી પ્રગતિ પર છે.

સાબરમતી મ્ય અને સાબરમતી જંકશન સ્ટેશન પુનઃવિકાસનું કામ લગભગ ૭૩% સુધી પૂર્ણ થઈ ગયું છે.

ન્યૂ ભુજ સ્ટેશન પુનઃવિકાસ કામ ૭૬% સુધી પૂર્ણ થઈ ગયું છે.

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ મંડળના ૧૬ સ્ટેશનોનો વિકાસ રૂ. ૫૧૫.૦૩ કરોડના ખર્ચે કરવામાં આવી રહ્યો છે.

સામાખિયાળી સ્ટેશનનું કામ પૂર્ણ થઈ ગયું છે જ્યારે કલોલ, હિમ્મતનગર, ભચાઉ વગેરે સ્ટેશનો પર ઝડપથી કામ થઈ રહ્યું છે.

નવી ટ્રેન સેવાઓ અને વિશેષ ટ્રેનો

ગ્રીષ્મકાળની રજાઓ દરમિયાન યાત્રીઓની સુવિધા માટે કેટલીય વિશેષ ટ્રેનોનું સંચાલન કરવામાં આવ્યું.

ભુજ-દિલ્લી એક્સપ્રેસની નવી ટ્રેન સેવાનું સંચાલન ૨૨ મે ૨૦૨૬ ના રોજ શરૂ થયું છે.

ઉદયપુર સિટી-અસારવા વંદે ભારત એક્સપ્રેસનો શુભારંભ ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યો.

ગૌરવપૂર્ણ સિદ્ધિઓ અને માલ વ્યવસાય

વડાપ્રધાન ક્ષી નરેન્દ્ર મોદી દ્વારા હાલમાં જ ખેડબ્રહ્મા-હિમ્મતનગર સેક્શન રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું. મંડળે સ્ટેનલેસ સ્ટીલ કન્ટેનરો દ્વારા ઔદ્યોગિક મીઠું લોડિંગ કરવાની અનન્ય શરૂઆત કરી.

બેચરાજીથી છઝ્-૧ ઑટોમોબાઈલનું રેક લોડ કરીને ૨૬૪ વાહનોનું પરિવહન કરવામાં આવ્યું.

ઊંઝાથી મિર્જા (આસામ) સુધી મસાલાઓની પહેલી પાર્સલ રેક ચલાવવામાં આવી.

લિંચથી જમ્મૂ-કાશ્મીર સુધી દૂધ ઉત્પાદનોની પહેલી કાર્ગો રેક મોકલવામાં આવી.

બેઠક દરમિયાન સમિતિના સભ્યો દ્વારા પોત-પોતાના ક્ષેત્રથી સંબંધિત રેલવે સમસ્યાઓ, ટ્રેનોના સ્ટોપેજ, ટ્રેનોના વિસ્તરણ, ટ્રેનોના સ્ટોપેજ આપવા, નવી ટ્રેન સેવા શરૂ કરવાના અને અંડર બ્રિજ અને ઓવર બ્રિજ બનાવવાના તથા નવી પરિયોજનાના વહેલાં સર અમલીકરણ તથા સ્ટેશન પર ઉત્તમ યાત્રી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા, સ્ટેશન પર ઠંડા પાણીની યોગ્ય વ્યવસ્થા, સાફ-સફાઈ જેવા મહત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા.

આ અવસર પર સમિતિના સભ્ય અને અપર મંડળ રેલવે મેનેજર શ્રીમતી મંજૂ મીણા અને મંડળના તમામ સિનિયર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા અને બેઠકમાં સક્રિય રીતે ભાગ લીધો.

# સરખેજ-ધોળેરા નવી સેમી હાઈ સ્પીડ રેલવે બ્રોડ ગેજ ડબલ લાઈન પ્રોજેક્ટના અમલીકરણ માટે બેઠક યોજાઈ

પશ્ચિમ રેલવે અમદાવાદની સર્વે અને નિર્માણ સંસ્થાએ આજે (૨૮.૦૫.૨૦૨૬) સરખેજ-ધોળેરા નવી સેમી હાઈ સ્પીડ રેલવે બ્રોડ ગેજ ડબલ લાઈન પ્રોજેક્ટના અમલીકરણ વિષયક રસ ધરાવતા બિડર્સ સાથે મુખ્ય પ્રશાસનિક અધિકારી કચેરી સ્થિત કોન્ફરન્સ હોલમાં બેઠક યોજી હતી. પશ્ચિમ રેલવેના મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ) પ્રદીપ ગુપ્તાની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં પ્રોજેક્ટના ચીફ એન્જિનિયર કમલેશ કુમાર, ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર આર.ડી. મીના, ડેપ્યુટી CSTE રતન બાસુ તેમજ નિર્માણ વિભાગના અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

બેઠકની શરૂઆતમાં પ્રશાંત સિંહ, ડેપ્યુટી ચીફ એન્જિનિયરે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્રોજેક્ટ વિશે માહિતી આપી હતી. પ્રોજેક્ટની નિર્માણ ટેન્ડરમાં રસ ધરાવતી સિવિલ, ઈલેક્ટ્રિકલ તથા S&T (સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન) ક્ષેત્રની ૨૦થી વધુ કંપનીઓએ ભાગ લીધો હતો. જેમાં લાર્સન એન્ડ ટૂબ્રો, અફકોન્સ ઈન્ફ્રા, KPTL, HOG પ્રોજેક્ટ, મિરાલ ઈન્ફ્રા, ખોડલ કોર્પોરેશન, ગંગા કન્સ્ટ્રક્શન, નીલકંઠ ઈન્ફ્રા, સુભાષ ઈન્ફ્રા વગેરે કંપનીઓના પ્રતિનિધિઓએ પ્રોજેક્ટના વધુ સારા અમલીકરણ માટે પોતાના સૂચનો રજૂ કર્યા હતા. બેઠક દરમિયાન પ્રોજેક્ટના અમલીકરણ, પેકેજિંગ અને ટેકનિકલ પાસાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સિવિલ, ટ્રેક, ટ્રેક્શન અને S&Tના ટેન્ડર તેમજ



ઈન્ટરફેસ કાર્યો, ડિઝાઈન ડિટેલ્સ અને કોન્ટ્રાક્ટ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. ઉપરાંત અનેક કંપનીઓએ વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા પણ ભાગ લીધો હતો.

આ પ્રસંગે પશ્ચિમ રેલવેના મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ) પ્રદીપ ગુપ્તાએ જણાવ્યું હતું કે આ બેઠકનો મુખ્ય હેતુ પ્રોજેક્ટનું સફળ અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવો છે. રસ ધરાવતા બિડર્સના સૂચનો પર વિચારણા કર્યા બાદ પ્રોજેક્ટના અમલીકરણ માટે EPC ટેન્ડર ફ્લોટ કરવામાં આવશે. લગભગ ૧૩૪ કિલોમીટર લાંબી આ નવી ડબલ રેલ લાઈન અમદાવાદ, ધોળેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR), આગામી ધોળેરા આંતરરાષ્ટ્રીય વિમાનમથક તથા લોથલ સ્થિત નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સને આધુનિક રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે. પ્રોજેક્ટની ડિઝાઈન ગતિ ૨૨૦ કિમી પ્રતિ કલાક અને ઓપરેશનલ ગતિ ૨૦૦ કિમી પ્રતિ કલાક નક્કી કરવામાં આવી છે. કોરિડોર પર કુલ ૧૧ સ્ટેશનો વિકસાવવામાં આવશે. પ્રોજેક્ટ અંતર્ગત ૩ મેગા બ્રિજ, ૭૪ કિલોમીટર લાંબા વાયાડક્ટ, ૩૯ રોડ અંડર બ્રિજ અને ૨ રેલ ઓવર રેલ બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. કુલ ટ્રેક લંબાઈ અંદાજે ૨૯૩ કિલોમીટર રહેશે. આગામી ૪ વર્ષમાં પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. અંદાજે રૂા.૨૦,૬૬૭ કરોડના ખર્ચવાળો આ પ્રોજેક્ટ ભારતીય રેલવેનો પ્રથમ સ્વદેશી ટેકનોલોજી આધારિત સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ બનશે, જેમાં ભવિષ્યમાં નમો ભારત ટ્રેનો દોડાવવામાં આવશે.

આ પ્રોજેક્ટ પ્રધાનમંત્રી ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન અનુસાર વિકસાવવામાં આવી રહ્યો છે, જેનો હેતુ મલ્ટી-મોડલ કનેક્ટિવિટી મજબૂત બનાવવો અને ભારતની લોજિસ્ટિક કાર્યક્ષમતાને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવાનો છે. આ કોરિડોર ગુજરાતને આધુનિક, હરિત અને ઉચ્ચ ગતિવાળી પરિવહન અવસરોના નવા યુગમાં પ્રવેશ કરાવતી ઐતિહાસિક પહેલ સાબિત થશે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૨૨નો ઉછાળોઃ સોનાનો વાયદો રૂ.૧૮૫૭ અને ચાંદીનો વાયદો રૂ.૪૪૬૨ ગબડ્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૮૯૭.૭૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૪૨૧૯.૧૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૬૦૨.૧૭ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૭૯૧૧૬.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૮૯૭.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૭૪૨૧૯.૧૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૫૫.૦૪ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૬૦૨.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫૬૨૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૫૬૫૧ અને નીચામાં રૂ.૧૫૩૫૫૧ના મથાળે અથડાઈ, રૂ.૧૫૫૬૨૭ના આગલા બંધ સામે રૂ.૧૮૫૭ ઘટી રૂ.૧૫૩૭૭૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૭૫ ઘટી રૂ.૧૨૩૩૧૬ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૦૫ ઘટી રૂ.૧૫૫૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૩૫ ઘટી રૂ.૧૫૩૩૨૬ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૬૯૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૫૨૪૦ અને નીચામાં રૂ.૧૫૩૪૦૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૫૨૪૦ના આગલા બંધ સામે રૂ.૧૫૮૯ ઘટી રૂ.૧૫૩૬૫૧ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૬૧૫૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૨૩૮૯ અને નીચામાં રૂ.૨૬૧૦૧૩ના સ્તરને સ્પર્શી, રૂ.૨૬૬૨૧૨ના આગલા બંધ સામે રૂ.૪૪૬૨ ઘટી રૂ.૨૬૧૭૫૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૪૫૭૬ ઘટી રૂ.૨૬૬૧૦૧ થયો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૪૫૭૮ ઘટી રૂ.૨૬૬૧૪૧ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૨૨.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૪.૫ વધી રૂ.૧૩૨૩.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત મે વાયદો રૂ.૧.૪૫ વધી રૂ.૩૭૧.૧ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ જૂન વાયદો રૂ.૧.૪ વધી રૂ.૩૮૫.૧૫ થયો હતો. સીસું મે વાયદો ૧૫ પૈસા ઘટી રૂ.૨૦૪ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૮૧૪.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૪૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૯૪૭ અને નીચામાં રૂ.૪૯૩૩ના સ્તરને સ્પર્શી, રૂ.૩૪ ઘટી રૂ.૪૯૪૦ થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.૮૮૩૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૯૦૦ અને નીચામાં રૂ.૮૭૦૩ના મથાળે અથડાઈ, રૂ.૮૬૦૦ના આગલા બંધ સામે રૂ.૨૨૨ વધી રૂ.૮૮૨૨ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૨૧૯ વધી રૂ.૮૮૨૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૨૯૯.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની જૂન વાયદો રૂ.૧.૫ ઘટી રૂ.૨૯૯.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.




કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૫૧૭.૧૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૮૫.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૩૧૫.૦૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૯.૫૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૦.૯૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૫૬.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૭.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૩.૪૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૭૭૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૭૨૪૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૪૩૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૨૯૪૭૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૮૦૬૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૦૮૨૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૭૯૯૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૨૮૮૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૮૬૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૪૮૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧૨૭૮ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૩.૯ વધી રૂ.૧૭૩.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૫ પૈસા ઘટી રૂ.૧૬.૨૫ના ભાવે બોલાયો હતો.

સોનું જૂન રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૪.૫ ઘટી રૂ.૪૯૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૫૭ ઘટી રૂ.૨૪૧૦ના ભાવે બોલાયો હતો. તાંબું જૂન રૂ.૧૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૭ પૈસા વધી રૂ.૧૪.૧૩ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૮૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯૯.૯૫ વધી રૂ.૫૨૧.૪૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૧૬.૪૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૮૭.૫ ઘટી રૂ.૪૨૬ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૬૪ ઘટી રૂ.૨૨૭૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૭૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૨ ઘટી રૂ.૬૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૫ પૈસા વધી રૂ.૧૬.૧૫ થયો હતો.

સોનું જૂન રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૫.૫ વધી રૂ.૯૭૨.૫ થયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૨૮.૫ વધી રૂ.૬૦૭.૫ થયો હતો. તાંબું જૂન રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭૪ પૈસા ઘટી રૂ.૧૩.૨ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૮૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦૩.૨૫ ઘટી રૂ.૫૧૨.૬૫ થયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા વધી રૂ.૧૬.૪૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૮.૫ વધી રૂ.૫૪૭.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૪૫.૫ વધી રૂ.૪૧૬૮.૫ થયો હતો.

# ગુજરાતમાં ઈબોલાના શંકાસ્પદ દર્દીનો રીપોર્ટ નેગેટીવઃ આરોગ્ય મંત્રીએ કહ્યુ નાગરીકોએ ગભરાવવાની સહેજ પણ જરૂર નથી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આફ્રિકા ના યુગાન્ડા, કોંગો અને સાઉથ સુદાન જેવા દેશોમાં હાહાકાર મચાવી રહેલા ચેપી ઈબોલા વાયરસને પગલે ગુજરાત સહિત સમગ્ર દેશનુ આરોગ્ય તંત્ર દોડતુ થઈ ગયુ છે. એવામાં કોંગો થી આવેલા ઈબોલાના શંકાસ્પદ દર્દીનો આજે આવેલો રીપોર્ટ નેગેટીવ આવતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હોવાનુ આરોગ્ય મંત્રીએ જણાવ્યુ હતું.



કોંગો થી વડોદરા ખાતે આવેલા બિઝનેસમેનમાં ઈબોલાના શંકાસ્પદ લક્ષણો જણાતા આરોગ્ય તંત્ર એલર્ટ થઈ ગયુ હતું. જે બાદ શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીને અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે બનાવેલા ખાસ આઈસોલેશન વોર્ડ માં દાખલ કરવામાં આવ્યા છે. જયાં તેમના બ્લડ સેમ્પલ લઈને પુણે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. આ બાબતે રાજયના આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યુ હતુ કે આ કિસ્સામાં ઈબોલા વાયરસ હોવાની પુષ્ટી હજુ સુધી નથી થઈ, અત્યારે ગુજરાતમાં એકપણ ઈબોલા પોઝીટીવ કેસ નથી, જો કે આગમચેતીના ભાગરૂપે પગલા લેવામાં આવી રહ્યા છે.

ગઈ કાલે ખુદ આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ સોશીયલ મીડીયા પર પોસ્ટ મુકીને જાણકારી આપી હતી કે કોંગો થી આવેલા ચેપ જન્ય રોગ ઈબોલા વાયરસના શંકાસ્પદ દર્દીનો રીપોર્ટ નેગેટીવ આવ્યો છે. નાગરીકોએ કોઈપણ પ્રકારનો ભય કે ગભરાટ રાખવાની જરૂર નથી, નાગરીકો અફવાઓથી દુર રહીને આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવતી સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખે. ગુજરાત સરકાર અને આરોગ્ય વિભાગ જન આરોગ્યની સુરક્ષા માટે સંપૂર્ણ સતર્ક, સજ્જ અને પ્રતિબધ્ધ છે. હકીકતમાં અમુરી લોકુલા નામનો યુવક વડોદરા આવ્યો ત્યારે તેમનામાં સામાન્ય શરદી અને ખાંસી જેવા લક્ષણો જણાયા હતા, જેથી તકેદારીના ભાગરૂપે તેને પ્રથમ બે દિવસ વડોદરાની સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જો કે લક્ષણો વધુ ગંભીર જણાતા તેમજ યુવકની હિસ્ટ્રી આફ્રિકન દેશની હોવાથી તેને વધુ સઘન સારવાર માટે અમદાવાદ સીવીલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જયાં તેના સેમ્પલ લઈને લેબોરેટરી ટેસ્ટીંગ માટે મોકલી આપવામાં આવ્યા હતા.

તો બીજી તરફ યુવકના સીધા સંપર્કમાં આવેલા ૩ લોકોને પણ તાત્કાલીક કવોરન્ટાઈન કરી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત તાજેતરમાં જ આફ્રિકન દેશોમાંથી પરત ફરેલા ૧૧ મુસાફરોને પણ હોમ આઈસોલેશનમાં રાખીને તેમના સ્વાસ્થ્ય પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# અમદાવાદમાં ફાયરીંગ બાદ નિવૃત્ત ડીવાયએસપી નો હાઈવોલ્ટેજ ડ્રામાઃ પોલીસ સ્ટેશનમાં હોબાળો કરતા ધકકા મારીને લોકઅપ માં પૂર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અમદાવાદ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં જાહેરમાં ફાયરીંગની ઘટનાએ ભારે ચકચાર મચાવી દીધી છે. નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણ દ્વારા જમીન વિવાદને લઈને જાહેરમાં પાંચ રાઉન્ડ ફાયરીંગ કર્યાનો આરોપ લાગ્યા બાદ પોલીસે તેમની ધરપકડ કરી છે. જો કે ધરપકડ બાદ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં નિવૃત્ત અધિકારીએ ભારે હોબાળો મચાવ્યો હોવાની માહિતી બહાર આવી હતી. સમગ્ર ઘટનાએ પોલીસ સ્ટેશનમાં હાઈવોલ્ટેજ ડ્રામાનુ રૂપ ધારણ કર્યુ હતું.



મળતી માહિતી પ્રમાણે નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણે સ્થાનિક પોલીસ પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે તેમની માલીકીની જમીનમાં પોલીસની સાંઠગાંઠ થી ગુંડાઓને ઘુસાડવામાં આવ્યા હતા. આ દરમિયાન મીડીયા સમક્ષ નિવેદન આપવા નો પ્રયાસ કરતા પોલીસ અને અશોકસિંહ વચ્ચે બોલાચાલી થઈ હતી. જેના કારણે પોલીસને તેમને બળજબરીપુર્વક લોકઅપ માં મોકલવા પડયા હોવાનુ જાણવા મળ્યુ હતું. સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ધરપકડ બાદ નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણે ભારે હોબાળો કર્યો હતો. મીડીયા સમક્ષ પોતાની વાત રજુ કરવાની કોશિષ દરમિયાન પોલીસે તેમને રોકયા હોવાનુ કહેવાય છે.

આ દરમિયાન સ્થાનિક પોલીસ સામે આક્ષેપો કરતા અશોકસિંહ ચૌહાણે જણાવ્યુ હતુ કે તેમની જમીનમાં ગેરકાયદેસર રીતે લોકો ઘુસાડવામાં આવ્યા હતા. પરિસ્થિતિ વધુ તંગ બનતા બે પોલીસ કોન્સ્ટેબલોએ તેમને પકડીને જબરદસ્તીથી લોકઅપમાં મોકલ્યા હતા. આ સમગ્ર મામલામાં અશોકસિંહ ચૌહાણના પરીવારના સભ્યો પણ તપાસના ઘેરામાં આવ્યા છે. ઘટનાસ્થળે તેમના પુત્ર સિધ્ધરાજસિંહ ચૌહાણ અને પુત્રી હાજર હોવાનુ બહાર આવ્યુ છે. પોલીસે તપાસના ભાગરૂપે બંનેની પણ અટકાયત કરી હોવાનુ જાણવા મળ્યુ છે. ફાયરીંગની ઘટના સમયે બંનેની ભુમિકા અંગે પણ પુછપરછ હાથ ધરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ નહેરૂનગર બસસ્ટેન્ડ નજીક આવેલી જગ્યાને લઈને નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણ અને અન્ય પક્ષ વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. અશોકસિંહ ચૌહાણ દ્વારા આ જગ્યાનો કબ્જો પોતાની પાસે હોવાનો દાવો કરવામાં આવી રહ્યો હતો. સુત્રોના કહેવા પ્રમાણે હિતેશ બારબીડીયા સાથે સમજુતી કરાર કરીને આ જગ્યા ભાડે આપવામાં આવી હતી. બનાવની જગ્યા કાચા બાંધકામના સ્ટોલ ઉભા કરીને તેને નહેરૂનગર પથારા બજાર નામ આપવામાં આવ્યુ હતુ અને બાદમાં આ સ્ટોલ અન્ય લોકોને ભાડે અપાતા હોવાનુ પણ બહાર આવ્યુ હતું.

# ગુજરાત સરકારમાં બદલી-બઢતીનો દોર શરૂઃ ૩૬ સેકશન ઓફીસરોની બદલીઃ ૮૧ નાયબ સેકશન ઓફીસરો અને ૯ નાયબ મામલતદારોને અપાયા પ્રમોશન

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર દ્વારા વહિવટી પ્રક્રિયાને વધુ વેગવંતી અને સુદ્રઢ બનાવવાના હેતુથી મોટાપાયે બદલી અને બઢતીના આદેશ જાહેર કરવામાં આવ્યા છે. મહેસુલ વિભાગ અને સામાન્ય વહિવટ વિભાગ દ્વારા સત્તાવાર રીતે આ અંગેની યાદી બહાર પાડવામાં આવી હતી. જેનાથી સચિવાલય અને મહેસુલના વિવિધ વિભાગોમાં મોટો વહિવટી ફેરફાર જોવા મળ્યો હતો.

મહેસુલ વિભાગ દ્વારા જાહેર કરાયેલા આદેશ અનુસાર ગેસ કેડરના જુનીયર સ્કેલના ૨૬ અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે. આ સાથે જ વહિવટી ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા ૯ મામલતદારોને પ્રમોશન આપીને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. બદલી પામેલા અધિકારીઓને તાત્કાલીક અસરથી પોતાના નવા ફાળવાયેલા સ્થાનો પર હાજર થવા સુચના અપાઈ છે. તો બીજી તરફ સામાન્ય વહિવટ વિભાગે વહિવટી સુગમતા માટે ૩૬ સેકશન અધિકારીઓની જુદા જુદા વિભાગોમાં આંતરીક બદલી કરવામાં આવી છે.

આ ઉપરાંત વહિવટી તંત્રને વધુ મજબુત કરવા માટે ૮૧ નાયબ સેકશન અધિકારીઓ ને બઢતી આપીને સેકશન અધિકારી તરીકે પ્રમોશન આપવામાં આવ્યુ છે. બદલી અને પ્રમોશનના આ સંયુકત નિર્ણયથી રાજયના સરકારી કામકાજમાં વધુ પારદર્શિતા અને ગતિશીલતા આવશે તેવુ માનવામાં આવી રહ્યુ છે.

# આદિવાસી પટ્ટામાં કોંગ્રેસને મોટો ઝટકોઃ પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાએ આપ્યું રાજીનામુંઃ મહેશ વસાવાએ લગાવ્યા ગંભીર આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની તાલુકા અને જિલ્લા પંચાયતની ચુંટણીઓ પૂર્ણ થતા જ ભરૂચ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના રાજકારણમાં મોટો ગરમાવો આવી ગયો છે. ચુંટણીના પરીણામો બાદ રાજકીય સમીકરણો ઝડપથી બદલાઈ રહ્યા છે. જેમાં કોંગ્રેસ પક્ષને આદિવાસી વિસ્તારમાં એક બહુ મોટો અને જોરદાર રાજકીય ઝટકો લાગ્યો છે.

પૂર્વ ધારાસભ્ય અને આદિવાસી નેતા મહેશ વસાવાએ કોંગ્રેસ પક્ષને હંમેશ માટે અલવિદા કહી દીધુ છે. મહેશ વસાવા ચુંટણીના પહેલા જ ભારે ઉત્સાહ સાથે કોંગ્રેસમાં જોડાયા હતા. એવુ માનવામાં આવતુ હતુ કે તેમના આવવાથી આદિવાસી બેલ્ટમાં કોંગ્રેસ મજબુત બનશે પરંતુ આ જોડાણ બહુ લાંબુ ચાલ્યુ નહી અને સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પૂર્ણ થતા જ તેમણે પક્ષમાંથી રાજીનામુ ધરી દઈને સૌને ચોંકાવી દીધા છે.




મહેશ વસાવાએ માત્ર રાજીનામુ જ નથી આપ્યું પરંતુ કોંગ્રેસના મોવડી મંડળ અને સ્થાનિક નેતૃત્વ સામે ગંભીર સવાલો પણ ઉઠાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે તાલુકા અને જિલ્લા પંચાયતની ચુંટણીઓમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં મોટા પાયે સોદાબાજી કરવામાં આવી હતી. પાયાના અને સાચા કાર્યકરોની અવગણના કરીને ટીકીટોની વહેંચણીમાં ગેરરીતીઓ થઈ હતી. આ ગંભીર આક્ષેપોને કારણે કોંગ્રેસની અંદરખાને ચાલતી જુથબાંધી અને ખેંચતાણ ફરી એકવાર સપાટી પર આવી ગઈ છે. મહેશ વસાવા ના આ આકસ્મિક રાજીનામા બાદ ભરૂચ અને નર્મદા જિલ્લાના રાજકીય વર્તુળોમાં ગણગણાટ શરૂ થઈ ગયો છે. આદિવાસી મતો પર પ્રભુત્વ ધરાવતા નેતા પક્ષ છોડી દેતા કોંગ્રેસ માટે આગામી સમયમાં મુશ્કેલીઓ વધી શકે છે.

હવે આખા રાજકીય આલમની નજર એ વાત પર ટકેલી છે કે શું મહેશ વસાવા ફરી ઘરવાપસી કરશે કે ભાજપનો કેસરીયો ધારણ કરશે ? અથવા તેઓ પોતાના જુના સંગઠનને ફરી બેઠુ કરીને નવી રાજકીય દિશા પકડશે ? હાલ પુરતુ તો મહેશ વસાવાના આ પગલાએ ભરૂચના રાજકારણમાં એક નવો જ ગરમાવો લાવી દીધો છે અને આગામી દિવસોમાં ભરૂચ જિલ્લામાં નવા રાજકીય સમીકરણો રચાય તો નવાઈ નહી.

# રાજકોટમાં વાલીઓના ખિસ્સા પર બોજઃ સ્કુલવાન-રીક્ષાના ભાડામાં વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

પેટ્રોલ-ડીઝલ અને સીએનજીના ભાવમાં સતત વધારાને કારણે વાલીઓના ખિસ્સા પરનો બોજ વધુ વધવાની ધારણાં છે. રાજકોટ સ્કુલવાન એસોસીએશને ૮ જુન થી નવા શૈક્ષણિક સત્રથી સ્કુલવાન અને રીક્ષાના ભાડા માં ૧૦ ટકાનો વધારો જાહેર કર્યો છે. આ નિર્ણયના પરીણામે માસિક રીક્ષા ભાડુ જે હાલમાં રૂપીયા ૧ હજાર હતુ તે વધારીને આશરે ૧૧૫૦ રૂપીયા કરાયુ છે. હાલનુ સ્કુલવાન ભાડુ જે રૂપીયા ૧૨૦૦ છે તે હવે વધારીને રૂપીયા ૧૪૦૦ કરવામાં આવ્યુ છે. આ ફુગાવાનો સીધો બોજ રાજકોટ શહેર અને જિલ્લાની ૪૦૦ થી વધુ ખાનગી શાળાઓના આશરે ૫૦ હજાર વિદ્યાર્થીઓના વાલીઓ પર પડશે. રાજકોટ સ્કુલવાન એસોસીએશનના





પ્રમુખ બહાદુરસિંહ ગોહિલે જણાવ્યુ હતુ કે બે વર્ષ અગાઉ સીએનજીનો ભાવ પ્રતિકિલો ગ્રામ રૂપીયા ૭૬ હતો. જે હવે વધીને રૂપીયા ૮૮ થઈ ગયો છે. અમે છેલ્લા બે વરસથી ભાડામાં વધારો કર્યો નથી અને અમારો વાલીઓ સાથે પારીવારીક સંબંધ છે. પરંતુ વૈશ્વિક યુદ્ધને કારણે બળતણના ભાવ માં વધારો અને ફુગાવાને કારણે અમારે આ નિર્ણય લેવો પડયો છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે વાહનોના સ્પેરપાર્ટસ અને સમારકામનો ખર્ચ પણ બમણો થઈ ગયો હોવાથી પરીવારને ટેકો આપવા માટે આ વધારો જરૂરી બન્યો છે. અન્ય એક સ્કુલવાન ડ્રાઈવર મુરાદ દલવાણીએ વાલીઓને સહયોગની અપીલ કરતા કહ્યુ હતુ કે દેશ અને દુનિયાની આર્થિક પરિસ્થિતિને કારણે પેટ્રોલ અને ડીઝલ મોંઘા થઈ ગયા છે. પહેલા જયારે અમે અમારી વાનમાં સીએનજી ભરતા હતા ત્યારે તેની કિંમત રૂપીયા ૬૦૦ હતી. જે હવે વધીને રૂપીયા ૭૮૦ થી રૂપીયા ૭૮૫ થઈ ગઈ છે. હાલનુ માસિક ભાડુ રૂપીયા ૧ હજાર થી રૂપીયા ૧૨૦૦ સુધી ૧૦ ટકા વધારવુ પડશે, રાજકોટમાં વિદ્યાર્થીઓને લઈ જવા માટે આશરે ૫ હજાર સ્કુલવાન અને રીક્ષા કાર્યરત છે. સ્કુલવાન એસોસીએશનના આ પગલાને પગલે એ ચોકકસ છે કે તમામ રીક્ષા અને વાન ડ્રાઈવરો પણ સત્તાવાર જાહેરાત કરશે અને તેમના ભાડામાં વધારો કરશે. જેનાથી નવા સેમેસ્ટર માટે વાલીઓના બજેટ પર ભાર પડશે.

# ડે.કલેક્ટર અને મામલતદાર સહિત ૨૭ અધિકારીઓની બદલી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

રાજય સરકાર દ્વારા સચિવાલયના વહીવટી સ્તરે અને જિલ્લા પ્રશાસનમાં ખૂબ જ મોટો ફેરબદલ કરવામાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ (GAD) અને મહેસૂલ વિભાગ દ્વારા સંયુક્ત રીતે મોટાપાયે બદલી અને બઢતી (પ્રમોશન)ના સત્તાવાર આદેશો જાહેર કરવામાં આવ્યા છે. ૨૭મી મે, ૨૦૨૬ના રોજ મોડી રાતે જાહેર કરવામાં આવ્યા હતા. રાજયના મહેસૂલ અને વહીવટી વિભાગને વધુ વેગવંતો બનાવવા માટે ફિલ્ડમાં ફરજ બજાવતા ઉચ્ચ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. જેમાં રાજયભરમાં જુદા-જુદા વિસ્તારોમાં ફરજ બજાવતા ડેપ્યુટી કલેક્ટર, જિલ્લા પુરવઠા અધિકારી (DSO) અને મામલતદાર કક્ષાના ૨૭ અધિકારીઓને બદલી પર અન્ય સ્થળે મૂકવામાં આવ્યા છે. જ્યારે વહીવટી વિભાગના ૯ અધિકારીઓને પ્રમોશન આપીને નવી મહત્ત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે.

પશ્ચિમ રેલવે
અમદાવાદ ડિવિઝન

TADK ને બદલે અટેન્ડેન્ટ રાખવા માટે દર કોન્ટ્રાક્ટ

ટેન્ડર નં. એડીઆઈ-આરસી-અટેન્ડેન્ટ-૨૦૨૬
**કામનું નામઃ** અમદાવાદ ડિવિઝન માટે TADK ને બદલે અટેન્ડેન્ટ રાખવા માટે દર કોન્ટ્રાક્ટ. **અંદાજીત એનઆઈટી પડતરઃ** ₹ ૪,૫૪,૯૦,૯૪૪.૦૦ **ઈએમડી રકમઃ** ₹ ૨૫,૦૦૦.૦૦ **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ** તારીખ ૨૪-૦૬-૨૦૨૬ સમય ૧૫:૦૦ કલાકે, **ઓફિસ સરનામુંઃ** સિની. ડિવિઝનલ મટીરિયલ્સ મેનેજર, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, પશ્ચિમ રેલવે, જીસીએસ હોસ્પિટલની સામે, નરોડા રોડ, પોસ્ટ-સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨૩૪૫. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટઃ** www.ireps.gov.in
ADI-045
અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

### જ્યારે આરોગ્ય મંત્રી સુરતના જ હોય ત્યારે

# દક્ષિણ ગુજરાતની સૌથી મોટી મેડિકલ કોલેજ સાથે સંલગ્ન નવી સિવિલ હોસ્પિટલ સુરતમાં દર્દીઓના જીવ બચાવવાના ટાંચા સાધનો, હૃદય, કિડની, લિવર, મગજ જેવા રોગોની ઘનિષ્ઠ સારવારથી આ હોસ્પિટલ વંચિત કેમ?

**સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે જુદા-જુદા વિભાગોના નામે બિલ્ડીંગો ઊભા થાય છે પરંતુ ડોક્ટરો અને નવી મશીનરીઓના અભાવે બિલ્ડીંગો ધૂળ ખાય છે**

**આશરે ૨૦ વર્ષ પહેલા કિડની હોસ્પિટલની બિલ્ડીંગ તૈયાર છે પરંતુ ડોકટર કે સાધનો પુરા પાડવામાં સરકાર નિષ્ફળ!!**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતની નવી સિવિલ હોસ્પિટલ એ દક્ષિણ ગુજરાતની સૌથી મોટી હોસ્પિટલ ગણાય છે. આ હોસ્પિટલમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન જેવા પાડોશી રાજયના દર્દીઓ પણ સારવાર માટે આવે છે. સુરત શહેરમાં પુરા દેશના લોકો વસવાટ કરે છે. અને આ રીતે તેઓની અને તેમના સંબંધીઓને સારવારની જરૂર પડે તો તેઓ સુરત ની હોસ્પિટલમાં સંપર્ક કરે છે. સિવિલ હોસ્પિટલમાં અનેક નાના-મોટા ઓપરેશનો થાય છે.પરંતુ આ હોસ્પિટલને ઘણા વર્ષો થવા છતાં હોસ્પિટલમાં હૃદય રોગની સારવાર, કિડની, લિવર,મગજ જેવા રોગોની સારવાર ઉપલબ્ધ કરાવવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. કરોડો રૂપિયા ના ખર્ચે કિડની હોસ્પિટલ બિલ્ડીંગ બાંધવામાં આવ્યું છે. પરંતુ સ્ટાફ અને સાધન સામગ્રીના અછતના કારણે બિલ્ડીંગ ધૂળ ખાય રહ્યું છે. અને હોસ્પિટલમાં આવતા દર્દીઓએ હૃદય, કિડની, લિવર, મગજની સારવાર માટે દર્દીઓએ અમદાવાદ કે મુંબઈ સુધી લાંબા થવું પડે છે. પૈસા પાત્ર દર્દીઓ ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવી શકે છે.જ્યારે ગરીબ પરિવારના દર્દીઓને મરવાનોવારો આવે છે. જો સિવિલ હોસ્પિટલ સુરત અને મેડિકલ કોલેજ ખાતે હૃદય રોગની સારવાર, કિડની, લિવર,મગજ જેવા રોગોની સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે તો મેડિકલ કોલેજમાં ભણતા વિદ્યાથીઓને પણ તેનો લાભ મળી શકે. આ દિશામાં સિવિલ હોસ્પિટલ મેડીકલ કોલેજ સુરત અને સ્થાનિક રાજકારણીઓએ વિચારવું જોઈએ. સુરત શહેરમાં ત્રણ સાંસદ સભ્ય અને ૧૨ જેટલા ધારાસભ્યો સિવિલ હોસ્પિટલને આવી ઉચ્ચ સારવાર અપાવવા વિચારવું જોઈએ.

ગુજરાતના આરોગ્ય મંત્રી યોગાનુયોગ સુરતના જ છે ત્યારે નવી સિવિલ હોસ્પિટલમાં સુવિધાઓના નામે ગરીબ દર્દીઓને રઝળવું પડે એનાથી મોટી કમનશીબી શું હોઈ શકે? આવી ન્યુ સિવિલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓ માટે બાયપાસ સર્જરીના સાધનો નો અભાવ, નવી આધુનિક મશીનરીનો અભાવ અને સાથે સાથે ડોક્ટરોની અછતને કારણે ગામડાના છેવાડાના આદિવાસી, દલિત સહિત કોઈ પણ નાત-જાતના ભેદભાવ વગર ગરીબ દર્દીઓ જ્યારે આટલે દૂરથી આવતા હોય અને તેઓને સારવાર માટેની દવાઓ બહારથી ખરીદવી પડે તેનાથી મોટી કઈ કમનશીબી હોય શકે? સરકાર દવા અને સાધન સામગ્રી માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે છતાં દર્દીઓ માટે સ્ટેચર કે વ્હીલચેર સારી કન્ડિશનમાં મળતા નથી. સ્ટેચર પણ દર્દીઓના સગાઓએ જાતે ખેંચીને દર્દીને વોર્ડમાં લઈ જવો પડતો હોય એ કેટલી શરમજનક બાબત કહેવાય. દર્દીઓને આપવામાં આવતા ગાદલાં કે ચાદરો પણ દુર્ગંધ મારતી હોય છે. દર્દીઓના જમવાના સાધનો પણ કબાટમાં પૂરી રાખવામા આવે છે. આમ ટૂંકમાં હોસ્પિટલના વહીવટ માટે સારા અધિકારીઓ અને કર્મચારીઓની જરૂરિયાતની અછત છે. આરોગ્યમંત્રી માત્ર વર્ષમાં એકવાર આવી એક અધિકારીને બદલી કાઢે તેનાથી વહીવટ સુધરી જવાનો નથી. એક બાજુ પોતાના મળતિયાઓને નવી બિલ્ડીંગો બનાવવાના કોન્ટ્રાકટ આપી કોન્ટ્રાકટરોના તરભાણા ભરાતા હોય ત્યારે એ જ ઊભી થયેલી બિલ્ડીંગો ડોક્ટરો અને મશીનરીઓની અભાવે ભવિષ્યમાં ખંડેર બનીને ભ્રષ્ટાચારનું પ્રતિક બનીને ઊભી રહેતી હોય એવી બિલ્ડીંગો શું કામની?

### ૪૮ વર્ષ જના ભાડુત રાજુ ઠકકર વકીલ બની જાતે કતારગામ મામલતદાર કોર્ટમાં કેસ લડયા,

# પાંચ વર્ષે આજે તા. ૨૧મી મે-૨૦૨૬ના રોજ સલાબતપુરા પોલીસ સ્ટેશનનાં કાફલા સાથે કતારગામ મામલતદાર કોર્ટે ભાડુતને કબજો સુપ્રત કર્યો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેરમાં અકસ્માત નિવારણ કેન્દ્ર નાં પ્રમુખ રાજુભાઈ સી. ઠકકર જેઓ પોતાનો ધંધો સુરત ડિસ્ટ્રીકટ શહેર સુરતના સલાબતપુરા બાલાભાઈની શેરીમાં આવેલ વોર્ડ નં. ૩, નોંધ નં. ૨૨૪૧ થી નોંધાયેલી મીલકત શેઠ બાલાભાઈ ગોપાળભાઈ રીલીજીયસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સત્યનારાયણ મંદિર ની ચાલી આવેલ છે.

સદરહુ મીલકતનો પાછળનો ભાગ પીપરડી શેરીમાં પડે છે તે ભાગવાળી મીલકત માં તેઓ એરલાઈટ કોર્પોરેશન તથા એરલાઈટ ડેકોરેશન નામથી બારીના પડદા બનાવવાનો અને વેચાણ કરવાનો ધંધો કરતા હતા. જે જગ્યાનો મે- ૨૦૨૧ માં સત્યનારાયણ મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી સંદિપ ગીરીશચંદ્ર પટેલનાઓએ પોલીસના મેળાપીપણામાં સદરહુ જગ્યામાં ચોરી- લુંટફાટ કરી ગેરકાયદેસર કબજો કરી દીધેલ હતો. જે બાબતે રાજુભાઈ સી. ઠકકરે તા.૨૫/૦૫/ ૨૦૨૧ ના રોજ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલી. જેના ૧૦ દિવસ પછી જે તે સમયના પી.આઈ. એમ. વી. કીકાણી અને પી.એસ.આઈ. એસ.જી. ચૌહાણ ના ઓએ રાજુભાઈ સી. ઠકકર સામે ખોટી એફ.આઈ.આર.માં ચોરને ફરિયાદી અને ફરિયાદીને આરોપી બનાવી દીધા. જે બાબત મારા મારીની ફરિયાદ હાલમાં કેસ કોર્ટમાં ચાલુ છે. જે બાબતે પોલીસ વિરૂધ્ધની હેલ્પલાઈન ૧૪૪૪૯ માં કરેલ ફરિયાદ જેની તપાસ પોલીસ કમિશ્નરશ્રીની કચેરીમાં ઈકો સેલમાં ચાલુ છે. વધુમાંરાજુભાઈ સી. ઠકકરે કતારગામ મામલતદાર કોર્ટમાં કેસ નં. ૧/૨૦૨૧ થી કબજા બાબતે ફરિયાદ દાખલ કરેલ અને પાર્ટી પર્સન વકીલ તરીકે જાતે કેસ લડેલ અને જે તે સમયના કતારગામ મામલતદાર હુડ સાહેબે ૮ મી જાન્યુઆરી- ૨૦૨૪ ના રોજ રાજુભાઈ સી.ઠકકરની તરફેણમાં ચુકાદો આપતા સામાવાળા સત્યનારાયણ મંદિરના ટ્રસ્ટી સંદિપ ગીરીશચંદ્ર પટેલ કેસ નં. ૧૦/૨૦૨૪ થી ડિસ્ટ્રીકટ કોર્ટમાં રીવીઝન અરજી કરેલ. જે રીવીઝન અરજીમાં પણ રાજુભાઈ ઠકકર વકીલ તરીકે જાતે દલીલ કરી અને તે બાબતે નામ. ડિસ્ટ્રીકટ કોર્ટનાં ૧૨ મા એડીશનલ સેસન્સ જડજ શ્રી અમીતકુમાર નરેન્દ્રભાઈ દવે સાહેબે તારીખ:૧/ ૧૦/૨૦૨૪ ના રોજ સામાવાળા ટ્રસ્ટીઓની રીવીઝન અરજી ખારીજ કરી દીધેલ. ત્યારબાદ સામાવાળા ફરીથી હાઈકોર્ટ ગયા હતા. હાઈકોર્ટમાં પણ પાર્ટી પર્સન તરીકે (વકીલ) કોસીંગમાં ઈન્ટરવ્યુ આપવા રાજુભાઈ સી. ઠકકર ગયા હોવાથી સામાવાળા તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ પોતાની અરજી હાઈકોર્ટમાં એમ.આર. મેન્ગડે સાહેબની કોર્ટમાંથી પાછી ખેંચી લીધી. ઉપરોકત બાબત પછી તા. ૧૬/ ૦૫/૨૦૨૬ ના રોજ કતારગામ મામલતદારશ્રીએ રાજુભાઈ ઠકકરને કબજો સુપ્રત કરવાનો ઓર્ડર કરેલ. તેના અમલ માટે સુરત અધિક કલેકટરશ્રી અને મેજીસ્ટ્રેટ સાહેબ શ્રી રબારી સાહેબ સમક્ષ રજુઆત કરતા તા. ૨૧/૦૫/ ૨૦૨૬ ના રોજ કતારગામ મામલતદાર દિનેશભાઈ ગામીતના માર્ગદર્શન હેઠળ કતારગામ સર્કલ ઓફિસર શ્રી કૃણાલભાઈ પટેલ નાઓ સલાબતપુરા સત્યનારાયણ મંદિર સ્થળ ઉપર રૂબરૂ આવી પી.આઈ.શ્રી આર. એ. જાડેજા સાહેબના માર્ગદર્શન હેઠળ પોલીસ કાફલા સહિત પોલીસ બંદોબસ્ત સાથે રાજુભાઈ સી. ઠકકરને સદરહુ જગ્યાનો કબજો સુપ્રત કરેલ. આ રીતે સત્યનો જય થયો છે અને પાંચ વર્ષે સદરહુ કેસમાં રાજુભાઈ ઠકકરને સફળતા મળેલ છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં કમલમ ખાતે હાઈપ્રોફાઈલ બેઠક યોજાઈ: મુખ્યમંત્રી સહિત દિગ્ગજ નેતાઓ રહ્યા હાજર



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવી ગયો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ગુજરાત પ્રવાસ દરમિયાન ગાંધીનગર સ્થિત ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે એક અત્યંત મહત્વપૂર્ણ અને હાઈપ્રોફાઈલ બેઠક યોજાઈ હતી. કેન્દ્રીય ગૃહમંત્રીની અધ્યક્ષતામાં આજે ગુરૂવારે મળેલી આ બેઠકમાં રાજયના મુખ્યમંત્રી સહિત ભાજપના દિગ્ગજ નેતાઓ અને સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આગામી સમયની રાજકીય વ્યુહરચના અને સંગઠનાત્મક ફેરફારોને લઈને આ બેઠક ખુબ જ નિર્ણાયક માનવામાં આવી રહી છે. કમલમ ખાતે યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ મહામંત્રી રત્નાકરજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત મહામંત્રીઓ અનિરૂધ્ધ દવે, પ્રશાંત કોરાટ, અજય બ્રહ્મભટ્ટ, હિતેન્દ્ર ચૌહાણ અને ભાજપના નેતા સુરેન્દ્ર પટેલ સહિતના દિગ્ગજ નેતાઓ પણ આ મંથનમાં જોડાયા હતા. સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર આ બેઠકનો મુખ્ય એજન્ડા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુશાસનના ૧૨ વરસ પૂર્ણ થવાના અવસરને રાજયભરમાં યાદગાર બનાવવાનો છે. ભાજપ આ ઉજવણીને ભવ્ય જનસંપર્ક અભિયાનમાં બદલવાની તૈયારી કરી રહ્યુ છે. લોકસભા અને સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં પક્ષને મળેલી પ્રચંડ જીત બાદ હવે છેવાડાના માનવી સુધી પહોચવા અને પાયાના સ્તરે સંગઠનને વધુ લોક ભાગ્ય તેમજ મજબુત બનાવવા માટેની વિશેષ કાર્યક્રમ રૂપરેખા આ બેઠકમાં તૈયાર કરવામાં આવી હતી.

આ બેઠકમાં આગામી સમયમાં ગુજરાતમાંથી ખાલી પડનારી રાજયસભાની ૪ બેઠકો પર પણ ગંભીર વિચારણા કરવામાં આવી હોવાનુ મનાઈ રહ્યુ છે. આ બેઠકો માટે સંભવિત ઉમેદવારોના નામોની પેનલ, જ્ઞાતિગત સમીકરણો અને રાજકીય લાયકાત અંગે ભાજપ હાઈકમાન્ડ દ્વારા જીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક ચુંટણીઓના પરીણામોની સમિક્ષા સાથે સંગઠનના આગામી કાર્યક્રમોની રાજકીય દિશા પણ આ બેઠકમાં નકકી કરવામાં આવી હતી.

# ગાંધીનગર જિલ્લાના મંદિરોમાં ચોરી કરતી રાજસ્થાનની ગેંગના ૩ આરોપી શખ્સો ઝડપાયા




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર જિલ્લામાં મંદિરોમાં ચોરીના બનાવો વધતા પોલીસે ચોર ટોળકીને પકડવા માટે તપાસ હાથ ધરી હતી. દરમિયાન ગાંધીનગર એલસીબીએ આંતરરાજય ચોર ટોળકીનો પર્દાફાશ કર્યો છે.

રાજસ્થાનની ગેંગના ૩ આરોપી શખ્સોની ધરપકડ કરીને પોલીસે મંદિરોમાં થયેલી ૩ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસ સુત્રોના કહેવા પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં મંદિરોમાં તીજોરી તોડીને ચોરી કરનારી એક રાજસ્થાની ગેંગના ૩ શખ્સોને પોલીસે દબોચી લીધા છે. ૩ ચોર મુળ રાજસ્થાનના વતની છે અને છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગરના ઝુંડાલ ગામ વિસ્તારમાં રહીને આ ગુન્હાખોરીને અંજામ આપતા હતા. આ અંગે જિલ્લા પોલીસવડા રવિ તેજા વાસમ શેટ્ટી એ જણાવ્યુ હતુ કે લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ ડીબી વાળાની ટીમે આ ઓપરેશન પાર પાડયુ હતું. ટેકનીકલ સર્વેલન્સ અને હ્મન સોર્સ દ્વારા મળેલી બાતમીના આધારે તાજેતરમાં ઝુંડાલ ગામના રામાપીર મંદિરમાં થયેલી ચોરીના ગુન્હામાં સંડોવાયેલા મુળ રાજસ્થાનના દિનેશ ઉર્ફે મુકેશ નારણભાઈ દેવીલાલ મીણા, જીવાભાઈ મોહનભાઈ વેલાભાઈ મીણા અને રાકેશ થાવરાભાઈ કેલાભાઈ મીણા ઝુંડાલ ગામમાં નવીન બની રહેલી રૂદ્ર ઈલાઈટ ફલેટ સ્કીમ પાસે રહેતા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે કે આ આરોપીઓ પોતાના મોજશોખ પુરા કરવા માટે પૈસાની જરૂરીયાતને પુરી કરવા ચોરી કરતા હતા. તેમની કામ કરવાની પધ્ધતિ ખુબ જ ચોકકસ હતી, તેઓ રાત્રીના સમયે ગામમાંથી દુર આવેલા મંદિરોને ટાર્ગેટ કરતા હતા. ચોરી કરવા નિકળતી વખતે તેઓ પોતાના મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરીને ઘરે મુકી દેતા જેથી કોઈ ટેકનીકલ ટ્રેસ ન મળે, ત્યારબાદ લોખંડના સળીયા વડે દાન પેટી અને મંદિરના દરવાજાના તાળા તોડી મંદિરમાં પ્રવેશ કરી ભગવાનની મુર્તિઓ પરના આભુષણો તેમજ રોકડ રકમની ચોરી કરી નાસી જતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી અંદાજે ૨૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જેમાં ચાંદીના મુગટ, ચાંદીનુ કડુ, રોકડ રકમ, એક બગસરાનો હાર અને અન્ય સામગ્રીનો સમાવેશ થાય છે. જિલ્લા પોલીસવડાએ વધુમાં કહ્યુ હતુ કે પુછપરછ દરમિયાન આરોપીઓએ અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારના ઝુંડાલ ગામના રામાપીર મંદિર, શેરથા ગામના મંદિર અને કલોલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારના મંદિરમાં ચોરી કર્યાની કબુલાત કરી છે. ખાસ કરીને આરોપી દિનેશ ઉર્ફે મુકેશનો ગુન્હાહીત ઈતિહાસ ઘણો લાંબો છે. અગાઉ રાજસ્થાનના સલુમ્બર જિલ્લાના સેમારી પોલીસ સ્ટેશનમાં તેની વિરૂધ્ધ ચોરી, મારપીટ અને ગેરકાયદેસર પ્રવેશ સહિતના અનેક ગુન્હાઓ નોંધાયેલા છે. હાલમાં જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અડાલજ પોલીસ અને અન્ય સંબંધિત પોલીસ સ્ટેશનો સાથે મળીને આ ટોળકીને કાયદાના સંકજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ડ્રાઈવરો પર હુમલાના કેસમાં સપડાયા ધારાસભ્યના પુત્રઃ ધારાસભ્યના પુત્ર સહિત ૫ આરોપી શખ્સો પોલીસ સમક્ષ થયા હાજરઃ ગણતરીના કલાકોમાં જામીન મળતા ભારે વિવાદ



પ્રતિનિધિ,ગાંધીનગર

કરજણના ધારાસભ્ય અક્ષય પટેલના પુત્ર ઋષી પટેલ સહિત ૫ આરોપીઓ આખરે પોલીસ સમક્ષ નાટકીય રીતે હાજર થયા હતા. ૨ આદિવાસી ડ્રાઈવરો પર જીવલેણ હુમલો કરવાના ગંભીર કેસમાં લાંબા સમયથી ફરાર રહેલા આ આરોપીઓ પોલીસ પકકડથી દુર હતા. જો કે પોલીસ મથકે હાજર થયાના ગણતરીના કલાકોમાં જ તેમને જામીન પર મુકત કરી દેવામાં આવતા સ્થાનિક સ્તરે અને આદિવાસી સમાજમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પોલીસની આ ઉતાવળી કાર્યવાહી અને તટસ્થતા સામે હવે અનેક ગંભીર સવાલો ઉભા થયા છે. આ ઘટનાક્રમ બાદ સમગ્ર પંથકમાં એવી ચર્ચા છે કે આરોપી ધારાસભ્યના પુત્ર હોવાને કારણે પોલીસતંત્ર રાજકીય દબાણ હેઠળ કામ કરી રહ્યુ હતું. પીડીતોને ન્યાય અપાવવાને બદલે સત્તાધારી પક્ષ ભાજપ નેતાના પુત્રને બચાવવા માટે પોલીસ દ્વારા વીઆઈપી ટ્રીટમેન્ટ આપવામાં આવી હોવાના આક્ષેપો પણ સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યા હતા.

આરોપીઓ પોલીસ સમક્ષ હાજર થતા કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જો કે ચોકાવનારી બાબત એ છે કે ગણતરીના કલાકોમાં જ તમામ આરોપીઓને જામીન પર મુકત કરી દેવામાં આવ્યા હતા. ગંભીર પ્રકારના હુમલાના કેસમાં આટલી ઝડપથી જામીન મળવા અંગે કાયદો વ્યવસ્થાની કામગીરી પર અનેક સવાલો ઉભા થયા છે. સ્થાનિક સ્તરે પણ આ નિર્ણયને લઈને ચર્ચા અને અસંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે. થોડા દિવસો અગાઉ બે આદિવાસી ડ્રાઈવરો પર ક્રુરતાપૂર્વક કરવામાં આવેલા જીવલેણ હુમલાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી હતી. આ બનાવ અંગે કરજણના ધારાસભ્ય અક્ષય પટેલના પુત્ર ઋષી અક્ષય પટેલ, જયદ્રથસિંહરાજ, જાવિદખાન પઠાણ, સોહિલ પટેલ અને વિજયસિંહ રાજપુત વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો. ગુન્હો દાખલ થયા બાદ ધરપકડની બીકે આ તમામ આરોપીઓ લાંબા સમય સુધી પોલીસની નજરથી દુર ભુર્ગભમાં ઉતરી ગયા હતા. જેને પગલે પોલીસની કાર્યક્ષમતા પર પણ સવાલો ઉઠી રહ્યા છે. લાંબી સંતાકુકડી બાદ ગઈ કાલે આ તમામ પાંચેય આરોપીઓએ અત્યંત નાટકીય ઢબે પોલીસ સમક્ષ આત્મ સમર્પણ કર્યુ હતું. કાયદાકીય પ્રક્રિયા મુજબ ગંભીર ગુન્હામાં આરોપીઓને કસ્ટડીમાં રાખી તપાસની અપેક્ષા રાખવામાં આવતી હોય છે. પરંતુ આ કેસમાં પોલીસે ધરપકડ કર્યાના ગણતરીના કલાકોમાં જ તેમને જામીન પર મુકત કરી દીધા હતા. આ પ્રકારની ત્વરીત જામીન પ્રક્રિયાએ કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કર્યા છે.

# ખેડુતોનો આરપારનો જંગ : ૧૦ જુન સુધીમાં વીજ લાઈનોની નોટીસો રદ કરો નહીતર હજારો ટ્રેકટરો સાથે ગાંધીનગર ઘેરાવની મહેશ રાજકોટીયાની ચીમકી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ૭૬૫ કેવી પાવર ગ્રીડ વીજ લાઈન નાંખવા મુદ્દે સરકાર અને ખેડુતો વચ્ચેનો વિવાદ હવે ચરમસીમાએ પહોચ્યો છે. ખેડુત નેતા મહેશ રાજકોટીયાએ સરકારને અલ્ટીમેટમ આપતા કહ્યુ હતુ કે જો આગામી ૧૦ જુન ૨૦૨૬ સુધીમાં જિલ્લા કલેકટરો દ્વારા ખેડુતોને આપવામાં આવેલી વીજ લાઈન અંગેની તમામ નોટીસો રદ કરવામાં નહી આવે તો સમગ્ર ગુજરાતના ખેડુતો કિસાન ટ્રેકટર ક્રાંતિ અંતર્ગત હજારો ટ્રેકટરો સાથે ગાંધીનગર તરફ કુચ કરશે અને લોકશાહીઢબે વિધાનસભાનો ઘેરાવ કરશે. સમગ્ર ગુજરાતના ખેડુત સંગઠનોએ સરકારને ૧૫ દિવસની આખરી મહેતલ આપીને શાંતિપૂર્ણ પરંતુ ઉગ્ર જનઆંદોલનની રણનીતી તૈયાર કરી લીધી છે. આ વિવાદનુ મુખ્ય કેન્દ્ર હાલ મોરબી બન્યુ છે. જયાં ૭૬૫ કેવી લાઈન પસાર કરવા મુદ્દે મોરબીના ખેડુતો અને વીજ કંપનીઓ આમને સામને આવી ગયા છે. ખેડુતોએ રોષે ભરાઈને તંત્રને ખુલ્લી ચેતવણી આપી છે કે ખેડુતોની લેખિત સંમંતિ વગર જો એકપણ ખેતરમાં જેસીબી કે અન્ય મશીનરી પ્રવેશશે તો સત્તાધિશોની ખુરશીઓ હલી જશે, ખેડુતોનો આક્ષેપ છે કે વહિવટી તંત્ર વીજ કંપનીઓના ઈશારે ખેડુતોને ડરાવવા માટે કલેકટર મારફતે નોટીસો પાઠવી રહ્યુ છે જે બંધારણીય રીતે ખોટુ છે. ખેડુત સંગઠનોની મુખ્ય માંગણી છે કે ગુજરાતમાં પણ પાડોશી રાજય રાજસ્થાન મોડેલ મુજબની એસઓપી (સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર) લાગુ કરવામાં આવે, રાજસ્થાન સરકાર જે રીતે ખેડુતોના હિતોને ધ્યાનમાં રાખીને વળતર અને જમીન સંપાદનની નીતી ચલાવે છે તેવી જ પારદર્શક નીતી ગુજરાતમાં પણ આગામી ૧૫ દિવસમાં અમલી બનાવવામાં આવે તેવી સંગઠનની પ્રબળ હુંકાર છે. બજારભાવના ૪ ગણા વળતર, રોકડા અને એક સાથે ખેડુતોએ સરકાર સામે નમવાને બદલે સ્પષ્ટ શબ્દોમાં પોતાનો હુકમ સંભળાવી દીધો છે. ખેડુતોની મુખ્ય આર્થિક માંગણીઓ એ છે કે વીજ લાઈનના ટાવર ઉભા કરવા બદલ જમીનનુ વળતર બજાર ભાવ કરતા ૪ ગણુ મળવુ જોઈએ, આ વળતરના નાણાં કોઈપણ હપ્તા વગર, એક સાથે અને રોકડા ચુકવવાના રહેશે, ખેડુતોની આ આક્રમક માંગણીઓ અને કલેકટરોની નોટીસો સામે સરકારની લાંબી ચુપકીદી હવે મોટા સવાલો ઉભા કરી રહી છે. જો સરકાર આગામી ૧૫ દિવસમાં (૧૦ જુન સુધીમાં ) આ વિવાદનો સુખદ અંત નહી લાવે તો ગુજરાતના ઈતિહાસનુ સૌથી મોટુ ટ્રેકટર આંદોલન સચિવાલયના દરવાજે દસ્તક દેશે. જેની સંપૂર્ણ જવાબદારી રાજય સરકારની રહેશે તેવુ ખેડુત સંગઠનોએ સંયુકત નિવેદનમાં જણાવ્યુ છે.

# મારી રજુઆત બાદ પોલીસની ઉંઘ ના ઉડીઃ આ રેકેટ નર્મદા પોલીસને કેમ ન દેખાયું : સાંસદ મનસુખ વસાવા



પ્રતિનિધિ,ગાંધીનગર

મુંબઈ પોલીસે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વરખડ ગામમાં ધમધમતા આંતરરાજય કરોડો રૂપીયાના ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આશ્ચર્યની વાત એ છે કે સ્થાનિક પોલીસ આ આખા નેટવર્ક થી તદ્દન અજાણ હતી અને મુંબઈ પોલીસે આવીને દરોડા પાડતા સ્થાનિક પોલીસતંત્ર દોડતુ થઈ ગયુ હતું.

મુંબઈ પોલીસે જયારે આ બંને આરોપીઓની આગવી ઢબે પુછપરછ શરૂ કરી ત્યારે ડ્રગ્સ સપ્લાયની ચેઈન સીધી નર્મદા જિલ્લાના વરખડ ગામ સુધી લંબાયેલી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો.

આ ઘટનાને લઈને ભાજપના સાંસદ મનસુખ વસાવાએ પોલીસ પર આકરા પ્રહારો કર્યા હતા. ભાજપના સાંસદ મનસુખ વસાવાએ કહ્યુ હતુ કે હાલમાં જ મે પત્ર લખીને જિલ્લા પોલીસવડા ને રજુઆત કરી હતી. આ રજુઆત બાદ પણ પોલીસની ઉંઘ ઉડી નથી, ડ્રગ્સનુ આટલુ મોટુ રેકેટ નર્મદા પોલીસને કેમ ન દેખાયું, નર્મદા પોલીસને સસ્પેન્ડ કરી દેવુ જોઈએ, મેં પત્ર લખ્યો તેના એક અઠવાડીયામાં જ ફરીથી દારૂ અને ડ્રગ્સના ધંધા શરૂ થઈ ગયા છે. પોલીસની નિષ્ક્રિયતા સામે સરકારે પગલા લેવા જોઈએ,

આ આખા ઓપરેશનની શરૂઆત મુંબઈથી થઈ હતી. મુંબઈ પોલીસની ટીમે બાતમીના આધારે ત્યાંની એક હોટલમાં દરોડો પાડીને શંકાસ્પદ હાલતમાં બે વ્યકિતઓને દબોચી લીધા હતા. આ શખ્સોની તલાશી લેતા તેમની પાસેથી ખુબ જ મોટી માત્રામાં કિંમતી ડ્રગ્સ અને નશાકારક પદાર્થો મળી આવ્યા હતા. મુંબઈ પોલીસે જયારે આ બંને આરોપીઓની આગવી ઢબે પુછપરછ શરૂ કરી ત્યારે ડ્રગ્સ સપ્લાયની ચેઈન સીધી ગુજરાતના નર્મદા જિલ્લાના વરખડ ગામ સુધી લંબાયેલી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો.

### રિવરફ્રન્ટથી બહાર નીકળીને ડફનાળા જવું પડશે

# અમદાવાદના સુભાષબ્રિજ નીચેનો રિવરફ્રન્ટ બંધ કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના વાહનચાલકો અને રિવરફ્રન્ટના માર્ગનો ઉપયોગ કરતા નાગરિકો માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. સુભાષબ્રિજના સમારકામ અને બ્રિજને તોડવાની કામગીરીને પગલે સલામતીના ભાગરૂપે પૂર્વ રિવરફ્રન્ટનો સુભાષબ્રિજ નીચેનો ભાગ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. સુભાષબ્રિજની કામગીરી દરમિયાન કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય અને નાગરિકોની સુરક્ષા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. બ્રિજને તોડવાની કામગીરી ચાલતી હોવાથી બ્રિજની બરાબર નીચેના ભાગને સંપૂર્ણપણે કોર્ડન કરી દેવામાં આવ્યો છે, જેથી ઉપરથી કોઈ કાટમાળ કે સામગ્રી નીચે પસાર થતા વાહનો પર ન પડે. આ નિર્ણય માત્ર ને માત્ર લોકોની તકેદારી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. સમારકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ પ્રતિબંધ યથાવત રહેશે.

જો તમે પૂર્વ રિવરફ્રન્ટ રોડનો ઉપયોગ કરીને સુભાષબ્રિજ તરફથી પસાર થવાના હોવ, તો તમારે નીચે મુજબના વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવો પડશે. હવેથી વાહનચાલકોએ સુભાષબ્રિજ નીચેથી સીધા પસાર થવાને બદલે, બ્રિજ આવે તે પહેલાં જ રિવરફ્રન્ટ રોડથી બહાર નીકળી જવું પડશે. ત્યાંથી આગળ વધીને BAPS સ્વામિનારાયણ મંદિર થઈને ડફનાળા તરફ જઈ શકાશે. તંત્ર દ્વારા આ વિસ્તારમાં ચુસ્ત બેરિકેડિંગ કરી દેવામાં આવ્યું છે. રિવરફ્રન્ટ પરથી પસાર થતા લોકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ ઉતાવળ ન કરે અને ટ્રાફિક પોલીસ તેમજ તંત્ર દ્વારા આપવામાં આવેલા ડાયવર્ઝન અને સૂચનાઓનું પાલન કરે, જેથી બ્રિજના સમારકામ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે. તમારા સમયનો બચાવ કરવા માટે આ રૂટ પર નીકળતા પહેલા થોડો વધુ સમય હાથ પર રાખવો હિતાવહ છે.